
મે ૨૦૨૩

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦



શંકાથી આખું જગત સપડાયું છે,
જે 'વ્યવસ્થિત' છે એને કોઈ ફેરવી શકવાનું નથી.
માટે કોઈ પણ પ્રકારની શંકા ઉત્પન્ન થાય,
તેને બીજમાંથી કાઢીને ફેંકી દેવી.



# અડાલજ : પૂજ્ય નીરુમાની ૧૭મી પુણ્યતિથિ : તા. ૧૯ માર્ચ ૨૦૨૩



પ્રભાતફેરી




આરતી

આપ્તસંકુલમાં સીમંધર સ્વામીની મૂર્તિની વિધિ-પૂજન

દર્શન



નવા આપ્તસંકુલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન



જ્ઞાનવિધિ



સમાધિ દર્શન

આપ્તસંકુલમાં વિશેષ ભક્તિ

વર્ષ : ૨૮, અંક : ૯
સળંગ અંક : ૩૩૩
**મે ૨૦૨૩**
પાનાં : ૨૮



**Editor : Dimple Mehta**


© 2023
Dada Bhagwan Foundation.
All Rights Reserved.


**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.



**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500



**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત : ૧૦૦૦ રૂપિયા**
**વાર્ષિક સભ્ય**
**ભારત : ૨૦૦ રૂપિયા**
**D.D. / M.O.** ‘મહાવિદેહ ફાઉન્ડેશન’ના નામે મોકલવો.


# દાદાવાણી

## મોક્ષમાર્ગમાં બાધક કારણ : શંકા

### સંપાદકીય

અનંત અવતારથી સંસારમાં માર ખાઈ-ખાઈને છેવટે મોક્ષે જવા જીવ પ્રયત્નશીલ રહેલો છે. કેટલીય વાર ચઢે ને કેટલીય વાર પડે છે. ધાર્યું પરિણામ આવતા રોકે છે કોણ ? મોક્ષની સાધના કરનાર સાધક ‘સાધક કારણો’ને કેટલેક અંશે પામી શકે છે, કિંતુ ‘બાધક કારણો’ તેની દૃષ્ટિમાં નથી આવતા. મોક્ષમાર્ગમાં ચઢવાના રસ્તાની જેટલી મહત્તા છે તેની સાથે લપસણિયા સંજોગોની તકેદારી અનેકગણી મહત્વની છે અને તે તકેદારી વિના ગમે તેટલો પુરુષાર્થ આદરે તોય તે પછડાયા જ કરવાનો. પ્રસ્તુત અંકમાં મોક્ષમાર્ગના અનેક બાધક કારણોમાંથી વ્યવહારમાં પડતી ‘શંકા’ના સ્વરૂપની અને તેના જોખમોની છણાવટ થઈ છે.

શંકા એ એક જાતનો અહંકાર છે, પોતાની નિર્બળતા છે. શંકાનું રૂટ કૉઝ શું ? એક્સ્ટ્રા બુદ્ધિ; જે વધુ પર્યાય દેખાડે, પછી ગૂંચાય અને એ સોલ્વ ન થાય તેથી શંકા ઊભી થાય. શંકાથી ભય ઊભો થાય અને ભયથી શંકા થાય, બેઉ કારણ-કાર્ય જેવું છે. જ્યાં મારાપણું, મમતા, આસક્તિ, પઝેસિવનેસ છે ત્યાં શંકા ઊભી થાય. જ્યારે દુઃખ ભોગવવાની શરૂઆત થાય ત્યાં શંકા ઉત્પન્ન થાય છે.

શંકાના લક્ષણોમાં વધુ પડતી ચકાસણી, તપાસ, મનમાં સતત વિચારો કે શું હશે ? વાઈફ બીજા કોઈ જોડે ફરતી હશે તો ? ધણીને બીજી સ્ત્રી હશે તો ? છોડીને લફરું હશે તો ? આવી બધી શંકાઓને લીધે પછી નિરંતર ભય, બેચેની, તરફડાટ અનુભવે છે. કળિયુગના પ્રભાવમાં ધણી-બૈરી વચ્ચે મોરાલિટી તૂટી, સિન્સિયારિટી તૂટી, વાઈફ-ધણી એકબીજાના થાય નહીં. નર્યું કપટ અને દગાફટકામાં જ વૃત્તિઓ વહેતી હોય, ત્યાં શાં સુખ ભોગવવા ? શું એક વિષયની લાલચ જ શંકા જન્માવે છે ? આ શંકા તો અનંત અવતાર બગાડી નાખે ! આંખે દીઠેલું ખોટું ઠરે એવા જગતમાં શંકા શું સેવવી ? કોઈના ચારિત્ર સંબંધમાં શંકા લાવવી એ તો ભયંકર જોખમ છે.

દીકરીઓ કોલેજમાં જાય ને મા-બાપને તેમના ચારિત્ર પર શંકા પડે તો શું થાય ? દુઃખનું જ ઉપાર્જન થાય ! ઘરમાં પ્રેમ પમાતો નથી, તેથી છોકરાં બહાર પ્રેમ ખોળવા જતા લપસે છે. મા-બાપે મિત્રની જેમ પ્રેમપૂર્વક રહે તો આ પરિણામ ટળે. છતાં દીકરીનો પગ આડે રસ્તે પડી ગયો તો કંઈ ઘરમાંથી કાઢી ના મૂકાય, પ્રેમપૂર્વક આશરો આપીને નુકસાન સમેટી લેવું જ રહ્યું !

જ્ઞાની પુરુષ એટલે પૂર્ણ પ્રકાશ ! એમણે સંપૂર્ણ મોક્ષમાર્ગ જોયો, જાણ્યો, અનુભવ્યો અને જગત કલ્યાણ અર્થે આપણને પ્રબોધ્યો છે. આ જ્ઞાનપ્રકાશથી મહાત્માઓને ‘શંકા’ નામના ચેપી રોગનું સ્વરૂપ અને જોખમો સમજાય, મહીંલા દોષો પકડાય અને જ્ઞાનની સમજણે છૂટી મોક્ષમાર્ગે પ્રગતિ સધાય એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# મોક્ષમાર્ગમાં બાધક કારણ : શંકા

## સાચા-ખોટાનું મિક્ષ્ચર એ જ 'વહેમ'

**પ્રશ્નકર્તા :** માણસને મનમાં વહેમ આવે છે, એ શું કહેવાય ?

**દાદાશ્રી :** વહેમનો અર્થ જ એ કે સાચા-ખોટાનું મિક્ષ્ચર. ક્યાંથી આવે ? કોઈ જગ્યાએથી 'એક્સપોર્ટ' થયેલો હોવો જોઈએ ને ? તો જ આપણે ત્યાં 'ઈમ્પોર્ટ' થાય ને !

એક માણસે દહાડે કંઈ ભૂતની વાત સાંભળી હોય કે ફલાણા ભાઈને ત્યાં ભૂત વળગ્યું છે. બાઈસાહેબ ગયા હોય પિયર, તે ભાઈ એકલા રૂમમાં સૂઈ ગયા. સૂઈ ગયા પછી રસોડામાં ઉંદરે કંઈ પ્યાલો ખખડાવ્યો હશે ! રાતે બાર વાગે પ્યાલો ખખડ્યો અને પેલા ભાઈએ અવાજ સાંભળ્યો અને દહાડે પેલી ભૂતની વાત સાંભળેલી, તે 'એવિડન્સ' ભેગો થયો, એટલે મનમાં થઈ ગયું કે 'કંઈક છે, આવડો મોટો પ્યાલો કોણે પાડ્યો ?' એટલે જ્યાં સુધી આનો ફોડ પડે નહીં, ત્યાં સુધી આમનો વહેમ જાય નહીં.

આ જે જ્ઞાન લાધ્યું છે, તે એના વિરોધી બીજું જ્ઞાન લાધે નહીં, ત્યાં સુધી આ ભાઈ આવા ને આવા રહે. ત્યાર હોરું પાંચ વાગે કોઈ 'ફ્રેન્ડ' આવે કે 'ચંદુભાઈ ઊઠો.' ત્યારે 'ચંદુભાઈ'ને હિંમત આવી જાય. શું કહે, કે 'હું તો આજે ગભરાઈ ગયો હતો.' પેલો 'ફ્રેન્ડ' કહે, કે 'મહીં જુઓ તો ખરા, શું છે !' પછી જુએ ત્યારે ખબર પડે કે આ તો ઉંદરડાએ પાડ્યું; આ ડબ્બો પાડી નાખ્યો, આ પ્યાલો પાડી નાખ્યો, આ પાડી નાખ્યું. એટલે વહેમ પેઠેલો, તે નીકળી જાય. એટલે આ તો સમજણ ફેરને લઈને ઊંઘ નથી આવતી ને ! પ્યાલો ઉંદરડાએ ખખડાવ્યો અને ભૂતનો વહેમ પેઠો, એટલે એ સમજણને લઈને ઊંઘ નથી આવતી ને ! પણ એ વહેમ નીકળી જાય, એવી પોતાની પાસે દવા હોય, તો આખી રાત ઊંઘ આવે ને ? એટલે માણસ સુખી થઈ જાય. સહેજ સમજણમાં આવ્યો, તે સુખી થઈ જાય !

## પરમાણુઓ પ્રમાણે 'વહેમ-શંકા'

આ હિન્દુસ્તાનનું લોક છે તે વહેમોથી, શંકાથી, બીકથી મારી નાખેલી પ્રજા છે. દુનિયામાં કોઈ જાતનો વહેમ રાખવા જેવો નથી. વહેમ હેલ્પિંગ પ્રૉબ્લેમ નથી, વહેમ નુકસાનકારક પ્રૉબ્લેમ છે.

અનંત જાતના જ્ઞાન તેના પર અનંત જાતના આવરણ આવે એટલે અનંત વહેમ ઉત્પન્ન થાય. વહેમ આવે, તે મહીં ભરેલો માલ છે. વહેમી જે છે ને, તે સ્ત્રીત્વ ગણાય છે. કારણ કે દરેક મનુષ્યમાં આ ત્રણ જાતના પરમાણુ હોય છે. એક સ્ત્રીના પરમાણુ હોય છે, પુરુષના પરમાણુ હોય છે અને નપુંસકના પરમાણુ. આ ત્રણ જાતના પરમાણુથી આ શરીર બનેલું છે. તેમાંથી પુરુષના પરમાણુ વધારે હોવાથી પુરુષમાં જન્મ થાય છે. સ્ત્રીના પરમાણુ વધારે હોય તો સ્ત્રી અને નપુંસકના પરમાણુ વધારે હોય તો તેવું થાય છે. આ ત્રણેય પ્રકારના પરમાણુ અંદર વધતા-ઓછા છે જ. એટલે આ વહેમ, સંદેહ, શંકા એ બધું સ્ત્રીના પરમાણુ છે. એને આપણે કહીએ, 'અમે પુરુષ (આત્મા) છીએ, તું ગેટઆઉટ !' અમારામાં એવા પરમાણુ ના હોય.

તમને વહેમ પડ્યો, શંકા પડી, એ તમને રાતે ઊંઘવા નહીં દે. અને મારું આ ભાઈએ બગાડ્યું, એવી શંકા પડે એટલે તમને જંપીને બેસવા નહીં દે.

આ એક વસ્તુ શીખી લે, કે આ જગતમાં શંકા રાખવા જેવી જ નથી.

## શંકા-કુશંકા-આશંકા

**પ્રશ્નકર્તા :** શંકા, કુશંકા, આશંકા સમજાવો.

**દાદાશ્રી :** ઉંમરલાયક થયેલી છોડી હોય, એટલે જો બુદ્ધિશાળી બાપ હોય અને ઓછો મોહી હોય ને, તો એને સમજાઈ જાય કે આની જોડે શંકા રાખવી જ પડશે, હવે શંકાની નજરે જોવું પડશે. ખરો જાગ્રત માણસ તો જાગ્રત જ હોય ને ! હવે શંકાની નજરે જુએ તો એક દહાડો શંકાની નજરે જોવાનું પણ કંઈ રોજ જોવાનું ? ને બીજે દહાડે શંકાની નજરે જોઈએ, એ બધી આશંકા કહેવાય. કોઈ 'એન્ડ' હોય કે ના હોય ? તે જે દૃષ્ટિથી જોયું, તેનો 'એન્ડ' તો હોવો જોઈએ ને ? તે પછી આશંકા કહેવાય. હવે કુશંકા ક્યારે ? કોઈ છોકરાં જોડે ફરતી હોય ત્યારે મનમાં જાતજાતની કુશંકાઓ કરે. હવે એવું હોય ખરું ને એવું નાય પણ હોય. આવી બધી શંકાઓ માણસ કર્યા કરે છે અને દુઃખી થાય છે. સંસારમાં દુઃખ એટલે શું ? ત્યારે કહે, કુશંકાથી ઊભા થયેલા દુઃખ.

શંકા રાખવા જેવું જગત જ નથી, જાગૃતિ રાખવા જેવું જગત છે. શંકા એ તો પોતે દુઃખ વહોરી લાવ્યો. એ તો શંકાનો કીડો ખાયા જ કરે એને, રાત-દહાડો ખાયા જ કરે. જાગૃતિ રાખવાની જરૂર છે. આ તો આપણા હાથમાં નહીં ને હાય હાય કરીએ, એનો અર્થ શો ? કાં તો તને સમજણ પડતી હોય તો છોડીઓનું ભણવાનું બંધ કરાય. ત્યારે એ કહે, 'ના ભણાવું તો કોણ લે એને ?' ત્યારે અલ્યા, આમેય નથી ટળતો ને આમેય નથી ટળતો. એક બાજુ ટળ ને ! નહીં તો એ છોડીની જોડે ફર્યા કર રાત-દહાડો ! તે એ ત્યાં આગળ 'કોલેજ'માં જાય તો તું જોડે ને જોડે જા, ને બેસ ત્યાં આગળ. પેલા સાહેબ પૂછે કે 'કેમ જોડે આવો છો ?' ત્યારે કહેજે, 'ભઈ, આટલા સારું કે મને શંકા રહ્યા કરે છે ને, તે જોડે રહું તો શંકા ના રહે

## 'શંકા-વહેમ'ના એ અહંકારથી દુઃખ

શંકા કરવી એ અહંકાર છે એક પ્રકારનો. સંશય, સંદેહ કરવો, શંકા કરવી, એ સંદેહથી માંડીને શંકા સુધીના બધા લખ્ખણ (લક્ષણ) આત્મઘાતી છે. એમાં ફાયદો ના થાય, ભયંકર નુકસાન જ થયા કરે.

આત્મઘાતી એટલે ખલાસ જ કરી નાખે એને ! મરી ના જાય પણ મરેલા જેવો જીવતો હોય બિચારો. એટલે મહીં શંકા પડે ગમે તેવી. સ્ત્રી સંબંધી, છોકરીઓ સંબંધી, બીજા સંબંધી, પાડોશી સંબંધી, ગમે તેવી શંકા પડે એટલે અમને સોંપી દેવી, કે દાદા તમને સોંપી આ. અને આપણે સૂઈ જવું નિરાંતે. નહીં તોય તમે કશું કરવાના નથી, શંકામાં ઊલટા તમે માર્યા જશો. એના કરતા અમને સોંપશો તો રાગે પડી જશે.

અમે શંકા કરવાની ના જ પાડી છે. શંકા કોઈ કરશો નહીં. જો ખરેખર જ એવી, ઊભી થતી હોય તો તમારે શંકા કરવાથી કંઈ વળશે નહીં અને માર્યા જશો. શંકા એ એક જાતનો અહંકાર છે. સમજણ પડી મારી વાત ? બધી વસ્તુઓ પર વહેમ પડ્યો છે, પણ અહંકાર પર કોઈ દહાડોય વહેમ પડ્યો નથી !

ચોપડો જોતાં ના આવડે તો વહેમ પડે ને વહેમ પડે તો દુઃખ પડે ! હોય સાઠ લાખનો નફો ને એને દેખાય ચાળીસ લાખની ખોટ. તે પછી એને દુઃખ જ લાગ્યા કરે ને, ચોપડા જોતાં ના આવડે ત્યાં સુધી ? એવું આ જગત છે. નથી જોતાં આવડ્યું તેનું આ દુઃખ છે. નહીં તો દુઃખ હોય જ નહીં આ જગતમાં.

જેને વહેમ પડે, તેનું આખું નિકંદન થઈ જાય. વહેમ એ 'ટિમિડનેસ' (બીકણપણું) છે. આખું જગત 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' છે, ત્યાં વહેમ શો ? તું આખા બ્રહ્માંડનો માલિક છે, તેનો પુરાવો 'હું' આપવા તૈયાર છું.

ને !' ત્યારે લોક એને 'ચક્રમ' કહે. અરે, એની છોડીઓ જ કહે ને, કે ગાંડા છે જરા !

એટલે છોડી પર શંકા કરવાનું ના કહું છું અને લોકો છોડી પર શંકાવાળા છેય નહીં. એમને આવી શંકા નથી હોતી. એને તો સાત છોડીઓ હોય તોય કશું નહીં. રામ તારી માયા ! એમને શંકા તો બીજી હોય છે કે 'અમારા ભાગીદાર રોજ કંઈક પાંચસો-હજાર રૂપિયા ઘેર લઈ જાય છે ખરા.' એવી શંકા એને રહે. પૈસાની એને પ્રિયતા છે ને ! એટલે પૈસા અમારા ભાગીદાર લઈ જાય છે, એ એને શંકા આવે. તે એક જ દહાડો શંકા કરી, એનું નામ શંકા અને વારેઘડીએ શંકા કરીએ, એનું નામ આશંકા.

## શંકા જુદી, જિજ્ઞાસા જુદી

**પ્રશ્નકર્તા :** શંકા અને જિજ્ઞાસા, એ બેમાં ફેર શું ?

**દાદાશ્રી :** શંકાને અને જિજ્ઞાસાને શું લેવાદેવા ? શંકા ને જિજ્ઞાસા, એ બે કુટુંબી તો નહીં, પણ પિતરાઈયે ના થાય.

**પ્રશ્નકર્તા :** આ વૈજ્ઞાનિકો છે, તે લોકો શોધખોળ કરે, તેમાં પોતે શંકા રાખીને જ આગળ વધે.

**દાદાશ્રી :** કોઈ એવો વૈજ્ઞાનિક પાક્યો નથી કે જે શંકામાં એક મિનિટથી વધારે ઊતરે. નહીં તો એ વિજ્ઞાન જતું રહે, ખલાસ થઈ જાય. કારણ કે શંકા એટલે આપઘાત ! જેને શંકા કરવી હોય તે કરે.

**પ્રશ્નકર્તા :** વૈજ્ઞાનિકો શંકા વગર માની લેતા નથી. એ લોકો શંકા કરે છે એટલે કંઈ શોધખોળ કરે છે.

**દાદાશ્રી :** એ શંકા નથી. એ ઉત્કંઠા છે, જાણવાની. એમને શંકા હોય નહીં.

**પ્રશ્નકર્તા :** તમે માણસ ઉપર શંકા કરવાનું ના કહો છો ?

**દાદાશ્રી :** માણસ શું, કોઈ પણ જગ્યાએ શંકા ના કરાય. આ પુસ્તકમાંય શંકા ના કરાય. શંકા એટલે આપઘાત !

**પ્રશ્નકર્તા :** તો પછી દરેક પુસ્તકમાં લખેલું બધું માની લેવાય ?

**દાદાશ્રી :** માની લેવાનું નહીં. શંકા એક મિનિટ જ રાખી અને ફરી જવાનું. એનાથી આગળ ગયા તો શંકા એવડું મોટું 'પોઈઝન' છે કે એક મિનિટથી વધારે લેવામાં આવે તો આપઘાત થાય.

**પ્રશ્નકર્તા :** પણ ખોટું જ લખ્યું હોય તો શું થાય ?

**દાદાશ્રી :** ખોટું હોતું જ નથી. પણ જે શંકા આવે છે, તે એક મિનિટ શંકા કરી અને પછી શંકા બંધ કરી દેવાની.

## તપાસ-ચકાસણીથી વધે શંકા

તમારે શંકા કોઈ દહાડો કશી આવે નહીં ને ?

**પ્રશ્નકર્તા :** એ તો આવે જ ને !

**દાદાશ્રી :** તમને શંકા આવે તો શું કરો ?

**પ્રશ્નકર્તા :** ચકાસણી તપાસ કરીએ.

**દાદાશ્રી :** ચકાસણી (તપાસ) કરવાથી તો વધારે શંકા પાડે.

**પ્રશ્નકર્તા :** કોઈ પણ તપાસનું મૂળ તો શંકા હોય છે ને ?

**દાદાશ્રી :** તપાસ કરીએ, ને (પછી) વિચારીને ખસી જવાનું આપણે ! તપાસવું, વિચારવાનું ને ખસી જવાનું. શંકાને વચ્ચે લાવવાનું કંઈ કારણ નથી. શંકા તો ક્યારે પડે ? બેનું 'એગ્રીમેન્ટ' થયેલું હોય, ત્યાર પછી વચ્ચે કંઈક ભાંજગડ થાય

ત્યારે શંકા ઉત્પન્ન થાય. શંકા એમ ને એમ તો હોય જ નહીં.

એટલે શંકા ક્યાં હોય ? બેનું કંઈ અનુસંધાન હોય, એ બેમાં પોતાના 'ડીસાઈડેડ' (ધાર્યા) પ્રમાણે કંઈ એમાં જો આઘુંપાછું થાય ત્યારે શંકા પડે કે આ શું છે તે ! તેય મિનિટથી વધારે શંકા રખાય નહીં. પછી તો એણે નક્કી કરી નાખવું જોઈએ કે મારું 'વ્યવસ્થિત' આવું છે. પણ શંકા તો કરાય જ નહીં પછી. શંકા એટલે આપઘાત !

## શંકા નહીં, પણ જાગૃત રહેવું

**પ્રશ્નકર્તા :** જેમ મોટર ચલાવીએ ને, તે વખતે અમારે સામે જાગૃતિ તો ચાલુ ને ચાલુ જ રાખવી પડે ને ? એમ અમારો જીવન વ્યવહાર ચલાવીએ તો અમારે જાગૃતિ તો કાયમની રાખવી જ પડે ને, કે 'આમ કરીશ તો આ માણસ ખાઈ જશે !' એવું તો આપણે ખ્યાલમાં રાખવું જ પડે ને ?

**દાદાશ્રી :** એ તો રાખવું પડે, પણ શંકા નહીં કરવાની. અને 'આ ખાઈ જશે' એવી જાગૃતિય રાખવાની જરૂર નથી. ફક્ત આપણે ચેતતા રહેવું જોઈએ. એ એને જાગૃતિ કહો, પણ શંકા નહીં કરવાની. 'આમ થશે તો શું થશે, વખતે આમ હશે તો શું થશે !' એવી શંકાઓ નહીં કરવી. શંકાઓ તો બહુ નુકસાનકારક ! શંકા તો ઉત્પન્ન થતાંની સાથે જ દુઃખ આપે !

**પ્રશ્નકર્તા :** ઘણી વખત એવું થાય કે કોઈ કામમાં એવા 'પ્રોબ્લેમ્સ' આવ્યા હોય તો સામા માણસ ઉપર આપણને શંકા આવે, ને તેથી આપણને દુઃખ રહ્યા કરે.

**દાદાશ્રી :** હા, એ આધાર વગરની શંકાઓ છે. શંકામાં બે વસ્તુ થાય. એક તો, પ્રત્યક્ષ દુઃખ થાય. બીજું, એના પર શંકા કરી એ બદલનો ગુનો લાગુ થયો.

**પ્રશ્નકર્તા :** પણ અમારે કોઈ પણ કામ કરવાનું હોય, કે આ રસ્તે આ પુલ બનાવવાનો હોય તો એના 'સેફ્ટી ફેક્ટર' તો ગણવા પડે ને ? નહીં ગણીએ તો પુલ પડી જશે. ત્યાં અજાગૃતિ રાખીને પુલ બનાવી જાય, એવું તો ના જ ચાલે ને !

**દાદાશ્રી :** એ બરોબર છે. 'સેફ્ટી ફેક્ટર' બધા કરીએ, પણ ત્યાર પછી ગોઠવણી કરતી વખતે ફરી શંકા ઊભી ના થવી જોઈએ. શંકા ઊભી થઈ કે દુઃખ ઊભું થશે.

**પ્રશ્નકર્તા :** પણ કોઈ પણ કામ કરવા જતાં કોઈ માણસ એમાં ખોટું ના કરે, એ માટે એનો વિચાર તો કરવો પડે ને ?

**દાદાશ્રી :** હા, વિચાર કરવાની બધી છૂટ જ છે ! શંકા કરવાની છૂટ નથી. વિચાર જેટલા હોય એટલા કર, આખી રાત વિચાર કરવા હોય તો કર પણ શંકા ના કરીશ. કારણ કે એનો 'એન્ડ' જ નહીં આવે. શંકા એ 'એન્ડલેસ' (અંત વગરની) વસ્તુ છે. વિચારનો 'એન્ડ' (અંત) આવશે. મન થાકી જાય ને ! કારણ કે બહુ વિચારવાથી મન હંમેશાં થાકી જાય. એટલે પછી એ એની મેળે જ બંધ થઈ જાય.

અને શંકા ના થાકે. શંકા તો આમની આવે, તેમની આવે. માટે શંકા તું ના રાખીશ. આ જગતમાં શંકા જેવું કોઈ દુઃખ જ નથી. શંકા કરવાથી તો પહેલાં પોતાનું જ બગડે છે, પછી સામાનું બગડે છે. અમે તો પહેલેથી શોધખોળ કરેલી કે શંકાથી પોતાનું જ બગડે છે.

## આ તો 'પ્રીકોશન' કે ડખો ?

શંકા તો દુઃખેય બહુ આપે, ભયંકર દુઃખ આપે. એ શંકા ક્યારે નીકળે ? ઘણાં ફેરા હજાર-બે હજારના દાગીના, ઘડિયાળ ને એ બધું લૂંટી લીધું હોય કોઈએ રસ્તામાં મારીને, તો પછી કપડાં-

ઘડિયાળ-ઘરેણાં પહેરીને ફરી બહાર જવાનું હોય તો તે ઘડીએ શંકા ઊભી થાય કે આજ ભેગો થશે તો ? હવે ન્યાય શું કહે છે ? ભેગો થવાનો એમાં છૂટકો થવાનો નથી અને તું શું કરવા વગર કામનો શંકા કરે છે ?

**પ્રશ્નકર્તા :** એ શંકા ઊભી થઈ, હવે ત્યાં એની માટે કોઈ 'પ્રીકોશન' લેવા-કરવાની કંઈ જરૂર રહેતી નથી ?

**દાદાશ્રી :** 'પ્રીકોશન' લેવાથી જ બગડે છે ને ! અજ્ઞાનીને માટે બરોબર છે. જો આ કિનારે જવું હોય તો આ કિનારાનું બધું એક્ઝેક્ટ કરો. પેલે કિનારે રહેવું હોય તો પેલા કિનારાનું એક્ઝેક્ટ રાખો. જો શંકા કરવી હોય તો પેલે કિનારે રહો. આ તો અધવચ્ચ રહીએ એનો અર્થ જ નહીં !

**પ્રશ્નકર્તા :** પણ કોઈ 'ડેન્જર સિગ્નલ' આવે એટલે એમાં શંકા ન સેવીએ, પણ એના માટે સાહજિક ભાવે 'પ્રીકોશન' લેવા જોઈએ ને ?

**દાદાશ્રી :** 'પ્રીકોશન' તમારાથી લેવાય જ નહીં. 'પ્રીકોશન' લેવાની શક્તિ જ નથી. એ શક્તિ છે નહીં, એને 'એડોપ્ટ' કરવું (અપનાવવું) એનો અર્થ શો છે ?

**પ્રશ્નકર્તા :** અમારામાં 'પ્રીકોશન' લેવાની શક્તિ જ નથી ?

**દાદાશ્રી :** બિલકુલેય શક્તિ નથી. જે શક્તિ ના હોય, તેને અમથા માનીએ એ કામનું જ નહીં ને ! આ તો 'પ્રીકોશન' લેવાની શક્તિ નથી ને કરવાનીયે શક્તિ નથી અને 'પ્રીકોશન' 'ચંદુભાઈ' લઈ જ લે છે. તમે વગર કામના ડખો કરો છો. કરે છે કોઈક બીજો અને તમે માથે લઈ લો છો એનું, તેથી બગડે છે.

**પ્રશ્નકર્તા :** એટલે ચંદુભાઈ 'પ્રીકોશન' લે, એનો વાંધો નથી ?

**દાદાશ્રી :** એ તો લે જ, હમેશાંય લે. વાતો કરતો કરતો કોઈ માણસ ચાલતો હોય, એટલે એ બેધ્યાનપણે ચાલતો હોય પણ જો એકદમ સાપ જોવામાં આવે આમ જતો, તો એકદમ કૂદી જાય છે એ. એ કઈ શક્તિથી કૂદે છે ? કોણ કૂદાડતું હશે ? એવું બને કે ના બને ? આટલી બધી સાહજિકતા એકલી છે આ દેહમાં. આ 'ચંદુભાઈ'ને એટલી બધી સાહજિકતા છે કે આમ દેખતાંની સાથે કૂદે.

**પ્રશ્નકર્તા :** પણ એવી સાહજિકતા અમારા કામધંધામાં, વ્યવહારમાં નથી આવતી.

**દાદાશ્રી :** એ તો ડખો કરો છો તેથી. અને શંકા કરવી તો બધી જાતની કરવી જોઈએ, કે 'ભાઈ, કાલે મરી જવાય તો શું થશે ? કોઈ ના મરી જાય ?'

**પ્રશ્નકર્તા :** મરી જાય ને !

**દાદાશ્રી :** ત્યાર પછી ! એટલે શંકા કરવી તો બધી જાતની કરવી. આ એક જ જાતની કેમ કરવી ? નહીં તો શાની શંકા ના પડે એવું આ જગત ! કઈ બાબતની શંકા રખાય એવું નથી ? અહીંથી ઘેર ગયા તો સાચા ! કેમ એ શંકા નથી પડતી ? શંકા હોય જ નહીં. એટલે શંકાને કહીએ, 'ચલી જાવ. હું નિઃશંક આત્મા છું.' આત્માને શંકા શું વળી !

## ખાતરી ખોળનારો બને 'મેડ'

શંકાવાળા એટલે શંકાનું ભૂત જાગ્યું કે માણસ મરી ગયો. ખાતરી ખોળે ! આ દુનિયામાં જે ખાતરી ખોળે એ મરી ગયેલો, એ મેડ (ગાંડો) માણસ કહેવાય. જે ખાતરી ખોળે છે, એને ઘરથી નાસી જવું પડે. માટે કોઈ ચીજની ખાતરી ના ખોળો.

**પ્રશ્નકર્તા :** બધા બજારમાં કંઈ પણ વસ્તુ લેવા જાય તો જોઈને લે.

**દાદાશ્રી :** હા, જોઈને લો. પછી ઊંડા ના

ઊતરો. ઊંડા ઊતરશો તો ભાગી જવું પડશે. ખાતરી ના ખોળો. જે બન્યું એ કરેક્ટ. પછી કંઈ નવું કરેક્ટ હોતું નથી. ખાતરી ખોળવા ગયો કે આવી બન્યું, મેન્ટલ હૉસ્પિટલમાં જવું પડે ખાતરી ખોળનારને, હં કે ! અને જેની ખાતરી માંગે ને, તે બધા ફરી ફરીને મેન્ટલ હૉસ્પિટલમાં ઘાલી દે. આ જીવડું કંઈથી પાક્યું ખાતરી ખોળનારું ! એને 'જીવડું' કહે લોકો.

આ વહુને એક દહાડો કહે, 'તું ચોખ્ખી છું, એની ખાતરી શું ?' ત્યારે વહુ શું કહે, 'જંગલી મૂઓ છે.' આ દુનિયામાં બે વસ્તુ રાખવી. ઊપરચોટિયા (ઉપલક) ખાતરી ખોળવી અને ઊપરચોટિયા શંકા કરવી. ઊંડા ઊતરવું નહીં. અંતે તો ખાતરી કરનારો પછી મેડ થાય, મેન્ટલ હૉસ્પિટલમાં લોક ઘાલી દે.

## શંકા અને ભય એ કારણ-કાર્ય

આ તો નરી શંકાના જ વાતાવરણમાં જીવી રહ્યું છે આખું જગત, કે 'આમ થઈ જશે કે તેમ થઈ જશે.' કશુંય થવાનું નથી. અમથો ભડકાટ શું કરવા કરે છે ? સૂઈ રહે ને, પાંસરો થઈને. વગર કામનો આમ ફરાફર કરે છે ! તેં તારી જાત ઉપર શ્રદ્ધા રાખી છે એ ખોટી છે બધી, 'હંડ્રેડ પરસેન્ટ' ! એટલે કશુંય થવાનું નથી. પણ જો ફફડાટ, ફફડાટ, તરફડાટ, તરફડાટ ! જાણે જોડે લઈ જવાનો હોય ને, થોડુંક !

આ તો આખો દહાડો 'શું થશે, શું થશે' એમ ફફડ્યા કરે. અલ્યા, શું થવાનું છે ? આ દુનિયા કોઈ દહાડોય પડી ગઈ નથી.

અમે પેલી નેપાળની જાત્રાએ બસ લઈને ગયા હતા ત્યારે રસ્તામાં યુ.પી.માં રાત્રે બાર વાગે એક શહેર આવ્યું હતું. કયું હતું એ ગામ ?

**પ્રશ્નકર્તા :** બરેલી હતું એ.

**દાદાશ્રી :** હા. તે બરેલીવાળા ફોજદાર બધા કહે કે 'બસ ઊભી રાખો.' મેં પૂછ્યું કે 'શું છે ?' ત્યારે એમણે કહ્યું કે 'અત્યારે આગળ નહીં જવાનું. રાત્રે અહીં રહો, આગળ રસ્તે લૂંટે છે. પચાસ માઈલના એરિયામાં આ બાજુથી અને પેલી બાજુથી બધાને રોકે છે.' ત્યારે મેં કહ્યું કે 'ભલે લૂંટાય, અમારે તો જવું છે.' ત્યારે છેવટે એ લોકોએ કહ્યું કે 'તો જોડે બે પોલીસવાળા લેતા જાઓ.' ત્યારે મેં કહ્યું કે 'પોલીસવાળા ભલે બેસાડો.' એટલે પછી બે પોલીસવાળા બંદૂક લઈને બેઠા, પણ કશું થયું નહીં. એ યોગ જામવો એ તો મહા મહા મુશ્કેલી છે ! અને એ યોગ જામવાનો હશે તો હજારો પ્રયત્નો કરશો તોય તમારા પ્રયત્નો ધૂળધાણી થઈ જશે ! એટલે ડરવું નહીં, શંકા કરવી નહીં. જ્યાં સુધી શંકા ન જાય ત્યાં સુધી કોઈ દહાડોય કામ થાય નહીં. નિઃશંકતા આવે નહીં ત્યાં સુધી માણસ નિર્ભય થઈ શકે નહીં. શંકા ત્યાં ભય હોય જ.

**પ્રશ્નકર્તા :** આ ભય અને શંકા એ બેને અરસપરસ સંબંધ ખરો ?

**દાદાશ્રી :** શંકાથી જ ભય ઉત્પન્ન થાય અને ભયથી શંકા થાય. એ બેઉ કારણ-કાર્ય જેવું છે. શંકા બિલકુલ રાખવી ના જોઈએ. કોઈપણ બાબતમાં શંકા રાખશો નહીં. છોકરો બગડ્યા કરે છે કે છોકરી બગડ્યા કરે છે, એ શંકા રાખશો નહીં. એને માટે પ્રયત્ન કરજો.

## ક્યાંય ભરોસો જ નહીં ?

આ તો આપણા હિંદુસ્તાનના લોક તો એટલી બધી ચિંતાવાળા છે કે આ સૂર્યનારાયણ એક જ દહાડાની રજા લે, 'ફરી કોઈ દહાડો રજા નહીં લઉં' એમ કહે, તે રજા લે તો બીજે દહાડે આ લોકો શંકા કરે કે કાલે સૂર્યનારાયણ આવશે કે નહીં આવે, સવાર પડશે કે નહીં પડે ? એટલે નેચરની ઉપરેય ભરોસો નથી, પોતાની જાત ઉપરેય ભરોસો નથી, ભગવાન ઉપરેય ભરોસો નથી. કોઈ

ચીજ ઉપર ભરોસો નથી. પોતાની વાઈફ ઉપરેય ભરોસો નથી ! અમદાવાદના શેઠિયા, તે એમની વાઈફને વીસ હજાર રૂપિયા જાત્રાએ જવા માટે જોઈતા હતા, તે સાત વરસથી એની બૈરીને કહ્યા કરે છે કે સગવડ નથી, સગવડ નથી. તમને સમજાયું ને ? પોતાની જાત ઉપરેય કપટ છે, એટલે આ કપટ ક્યાં નથી કરતો ? તેથી પેલા કબીર સાહેબે સાચું કહી દીધું કે...

''મેં જાનું હરિ દૂર હૈ, હરિ હૃદય માંહી,

આડી ત્રાટી કપટકી, તાસે દીસત નાહીં.''

મહીં પોતે કપટનો પડદો મૂક્યો છે. પછી ભગવાન પાસે દેખાવા માંડ્યા. પેલો પડદો ખરો ને, તોય જરા જાળીમાંથી દેખાવા માંડ્યું એટલે મનમાં શરમ આવી કે ભગવાન જોઈ જશે. એટલે પડદાને ડામર મરાવ્યો, દર સાલ બબ્બે વખત ડામર મરાવ્યો. આ આપણે જ જાણીજોઈને ત્રાટી ઊભી કરી છે.

## શંકા સાથે કપટ-દગો હોય જ

આ છોડીઓ બહાર જતી હોય, ભણવા જતી હોય તોય આમ શંકા ! 'વાઈફ' ઉપરયે શંકા ! એવો બધો દગો ! ઘરમાંય દગો જ છે ને અત્યારે ! આ કળિયુગમાં પોતાના ઘરમાં જ દગો હોય. કળિયુગ એટલે દગાનો કાળ. કપટ ને દગો, કપટ ને દગો, કપટ ને દગો ! એમાં શું સુખને માટે એ કરે છે ? તેય ભાન વગર, બેભાનપણે ! નિર્મળ બુદ્ધિશાળીને ત્યાં કપટ ને દગો ના હોય. આ તો 'ફૂલિશ' (મૂર્ખ) માણસને ત્યાં અત્યારે દગો ને કપટ હોય. કળિયુગ એટલે 'ફૂલિશ' જે ભેગા થયા છે ને !

**પ્રશ્નકર્તા :** પણ આ જે દગો ને કપટ થાય, એમાં પણ રાગ અને દ્વેષ કામ કરે ને ?

**દાદાશ્રી :** એ રાગ-દ્વેષ હોય તો જ આ બધું કામ થાય ને ! નહીં તો રાગ-દ્વેષ નથી, તેને તો કશું છે જ નહીં ને ! રાગ-દ્વેષ ના હોય તો જે કરે, એ કપટ કરે તો વાંધો નથી ને સારું કરે તોય વાંધો નથી. કારણ કે એ ધૂળમાં રમે છે ખરો, પણ તેલ ચોપડેલું નથી અને પેલો તેલ ચોપડીને ધૂળમાં રમે છે.

**પ્રશ્નકર્તા :** આ દગો ને કપટ કરવામાં બુદ્ધિનો ફાળો ખરો ને ?

**દાદાશ્રી :** ના, સારી બુદ્ધિ, એ કપટ ને દગો કાઢી નાખે. બુદ્ધિ 'સેફસાઈડ' રાખે. એક તો શંકા મારી નાખે, પછી આ કપટ ને દગો તો હોય જ. અને પાછા પોતાના સુખમાં જ દરેક રાચતા હોય.

**પ્રશ્નકર્તા :** પણ પોતાના સુખમાં રહેવા માટે બુદ્ધિના ઉપયોગથી દગો ને કપટ રમી શકે ને ?

**દાદાશ્રી :** જ્યાં પોતાની જાતનું સુખ ખોળવું ત્યાં સારી બુદ્ધિ હોય જ નહીં ને ! સારી બુદ્ધિ તો સામુદાયિક સુખ ખોળે કે મારું આખું ઘર સુખી થાય. પણ આ તો છોકરો પોતાનું સુખ ખોળતો હોય, બૈરી પોતાનું સુખ ખોળતી હોય, છોડી પોતાનું સુખ ખોળતી હોય, બાપ પોતાનું સુખ ખોળતો હોય, દરેક પોતપોતાના સુખ ખોળે છે. આ તો ઉઘાડું કરે ને, તો ઘરના માણસો ભેગા રહે નહીં. પણ આ તો બધાંય ભેગા રહે છે ને ખાય છે ને પીવે છે ! ઢાંકેલું તે જ સારું !

## ઓળખીએ શંકાવાળી બુદ્ધિ

એટલે જ્યાં જ્યાં બુદ્ધિ વપરાય છે ને ત્યાં ત્યાં એ નર્યો ખોટનો જ વ્યાપાર છે અને જરૂર હોય ત્યાં એની હદમાં વપરાઈ જ જાય છે, ત્યાં બુદ્ધિ એની મેળે કુદરતી રીતે જ જોઈન્ટ થયેલી છે, અંતઃકરણમાં એ સુમેળ રીતે જોઈન્ટ થયેલી છે. એમાં આપણે એક્સેસ વાપરીએ, તેની આ બધી ભાંજગડ ઊભી થઈ છે.

બુદ્ધિ ચંચળ બનાવે, તેથી આત્માનો જે સહજ સ્વભાવ છે, એનો સ્વાદ ચાખવા મળતો નથી. બહારનો ભાગ જ ચંચળ છે, પણ જો બુદ્ધિને બાજુએ બેસાડે તો સહજ સુખ વર્તે ! આ કૂતરું દેખ્યું, તો બુદ્ધિ કહેશે, 'કાલે પેલાને કરડેલું, તે આય એવું જ કૂતરું દેખાય છે, મનેય કરડી જશે તો ?' અલ્યા, એના હાથમાં શી સત્તા છે ? 'વ્યવસ્થિત'માં હશે તો કૈડશે. બુદ્ધિ, તું બાજુએ બેસ. સત્તા જો પોતાની હોત તો લોક પોતાનું પાંસરું ના કરત ? પણ પાંસરું થયું નથી. બુદ્ધિ તો શંકા કરાવે. શંકા થાય તો ડખો થાય. આપણે તો આપણા નિઃશંક પદમાં રહેવાનું. જગત તો શંકા, શંકા ને શંકામાં જ રહેવાનું.

### બુદ્ધિ ને શંકાથી જગત સપડાયું

**પ્રશ્નકર્તા :** વધુ બુદ્ધિશાળી લોકોને જ વધારે શંકા હોય ને ?

**દાદાશ્રી :** હા. એ તો એવું છે ને, અત્યારે તો વિપરીત બુદ્ધિની અસર છે. તે વિપરીત બુદ્ધિ શંકાઓ બધી બહુ પાડ્યા કરે. ભયંકર અજ્ઞાનતા, એનું નામ શંકા. એને ચોગરદમના પાસા મળ્યા નહીં, એનાથી 'સોલ્વ' ના થયું, એટલે એ શંકામાં પડ્યો. 'સોલ્વ' થાય તો એ શંકામાં ના પડે. બુદ્ધિ લઢાવી જુએ ને બુદ્ધિને આગળ જવાનો રસ્તો ના જડે એટલે શંકા ઊભી કરે. આ 'વ્યવસ્થિત' સમજાઈ જાય તો કશી જ શંકા ઉત્પન્ન ના થાય.

**પ્રશ્નકર્તા :** પણ બહુ બુદ્ધિશાળી માણસોને કેમ વધારે શંકા હોય ?

**દાદાશ્રી :** એને બુદ્ધિથી બધા પર્યાય દેખાય. એવું દેખાય કે આવું હશે, આમ હાથ મૂકી ગયો હશે ! કોઈક માણસ પોતાની 'વાઈફ' ઉપર હાથ મૂકી ગયો, એટલે પછી બધા પર્યાય ઊભા થઈ જાય, કે શું હશે ! તે બધું આખું કેટલું લંગર ચાલે ! અને પેલા અબુધને કશી ભાંજગડ નહીં. અને એય ખરેખર અબુધ નથી હોતા, પોતાનો સંસાર ચાલે એટલી બુદ્ધિ હોય. એને બીજી કશી ભાંજગડ નહીં. થોડુંક થઈને પછી બંધ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** એટલે આપ એવું કહેવા માગો છો કે જે સાંસારિક અબુધ છે, જે હજુ બુદ્ધિમાં ડેવલપ નથી થયા ?

**દાદાશ્રી :** ના, એવા તો માણસો બહુ ઓછાં હોય, મજૂરો ને એ બધા !

**પ્રશ્નકર્તા :** પણ એ લોકો બુદ્ધિશાળી થઈને પછી અબુધ દશાને પ્રાપ્ત થશે ને ?

**દાદાશ્રી :** એ તો વાત જ જુદી ને ! એ તો પરમાત્મપદ કહેવાય. બુદ્ધિશાળી થયા પછી અબુધ થાય ને, એ તો પરમાત્મપદ છે !

પણ એ બુદ્ધિશાળી લોકોને આ સંસાર બહુ હેરાન કરે. અરે, પાંચ છોડીઓ હોય અને એ બુદ્ધિશાળી માણસ હોય તો, આ છોડીઓ મોટી ઉંમરની થઈ, હવે એ બધી બહાર જાય, તે બધા પર્યાય એને યાદ આવે. બુદ્ધિથી બધી જ સમજણ પડે. એટલે બધું એને દેખાય અને પછી તે ગૂંચાયા કરે. પાછું છોકરીઓને 'કોલેજ' તો મોકલવી જ પડે અને આમ થાય તેય જોવું પડે. ખરેખર કશું બન્યું કે ના બન્યું એ વાત ભગવાન જાણે પણ પેલો તો શંકાથી માર્યો જાય !

બને છે ત્યાં એને ખબર જ નથી, એટલે ત્યાં શંકા નથી એને અને નથી બનતું ત્યાં શંકા પાર વગરની છે. એટલે નર્યું શંકામાં જ બફાયા કરે છે પછી, અને એને ભય જ લાગે. એટલે શંકા ઊભી થઈ કે માણસ માર્યો જાય. આ બધું ભટકાવે છે બુદ્ધિ, શંકા ઊભી કરનારી બુદ્ધિ. અને શંકાથી આખું જગત સપડાયું છે.

### શંકાનું મૂળ 'બુદ્ધિ'

**પ્રશ્નકર્તા :** તો શંકાનું મૂળ શું ? શંકા કેમ આવતી હશે ?

**દાદાશ્રી :** શંકા એ બુદ્ધિનો ડખો છે, વધુ પડતી બુદ્ધિનો ડખો છે એ. એટલે શંકા ઉત્પન્ન કરનારી બુદ્ધિ બધું ઊંધું દેખાડે. એ શંકા ઊભી કરે, અનર્થકારક ! જગતમાં બધા અનર્થનું મોટામાં મોટું મૂળ હોય તો શંકા, એ પછી વહેમ એની અંદર આવી જાય. પહેલો વહેમ પડે, બુદ્ધિ એને વહેમ પાડે. એટલે શંકા એ બધું બુદ્ધિનું જ પ્રદર્શન છે. એથી આપણે ત્યાં તો હું એક જ કહું છું કે શંકા કોઈ જાતની રાખશો જ નહીં ને શંકા રાખવા જેવું જગતમાં ખાસ કારણ છેય નહીં. એટલે શંકાનું મૂળ બુદ્ધિ છે.

**પ્રશ્નકર્તા :** પણ આ બુદ્ધિ તો સારું દેખાડે ને ખરાબેય દેખાડે.

**દાદાશ્રી :** ના. જેને જરૂરિયાત જેટલી જ બુદ્ધિ છે, પોતાની 'નેસેસિટી' પૂરતી બુદ્ધિ છે, એને પાંચ છોડીઓ હોય તોય પણ એ વિચાર જ આવે નહીં. એ વિચાર આવે તો શંકા આવે ને ?

**પ્રશ્નકર્તા :** એટલે વધારે બુદ્ધિ હોય તો જ આ ડખલ થાય ?

**દાદાશ્રી :** વધારે બુદ્ધિ જ આ ડખલ કરે. કારણ કે આ કાળની બુદ્ધિ વિપરીત ગણાય છે, વ્યભિચારિણી બુદ્ધિ કહેવાય છે. એટલે પછી માર જ ખવડાવ ખવડાવ કરે.

**પ્રશ્નકર્તા :** અને જરૂર પૂરતી બુદ્ધિવાળાને વિચાર જ ના આવે, એમ ?

**દાદાશ્રી :** હા. જરૂર પૂરતી બુદ્ધિવાળા કેટલાક હિન્દુસ્તાનમાં હોય છે કે એને પછી બીજો વિચાર જ ના આવે. અક્કલવાળા એટલે વધુ વિચારવાળા, વધુ બુદ્ધિવાળા. અક્કલવાળા પર અમને એમ થાય ને, કે માર કેટલો ખાઈશ તું તે ? જ્યારે કંઈક દુઃખ ભોગવવાનું થાય, ખરેખરું દુઃખ ભોગવવાનું થાય ત્યારે શંકા ઉત્પન્ન થાય.

## દુઃખ ભોગવવાનું થાય ત્યારે શંકા પડે

ગમે તેવી શંકા ઉત્પન્ન થતા પહેલા ઉખાડીને ફેંકી જ દેવી. શંકા નુકસાન જ કરે. શંકા આત્મા સંબંધી રાખવા જેવી છે, કે આત્મા આ હશે કે તે હશે કે તે હશે ? ખરો આત્મા જ્યાં સુધી જણાય નહીં, ત્યાં સુધી શંકા આખા જગતને હોય જ. પણ આ બીજું તો આ છોડીઓ બહાર રમવા જાય, ફરવા જાય, હરવા જાય, એમાં શંકા રાખવા જાય; પૈસા કો'કને આપ્યા પછી, ધીર્યા પછી શંકા પડે, કે હવે બે લાખ પાછા આવશે કે નહીં, એ જો શંકા પડે તો ખરેખરું સુખ આવે ને ? બે લાખ ધીર્યા આપણે આજ, તે મહિના સુધી કશું ના થયું ને તે પછી એ શંકા ઉત્પન્ન થઈ કે નહીં ? કો'કે કહ્યું કે તૂટી છે એ પાર્ટી, અને મહીં શંકા પડે ત્યારથી સુખ ખરેખરું આવે ને ?

**પ્રશ્નકર્તા :** પછી એનો અર્થ નથી.

**દાદાશ્રી :** બસ ! એટલે શંકા હંમેશાં ઉત્પન્ન જ ના થવા દેવી, સાવધાની રાખવી.

## વધુ વિશ્વાસના રિએક્શનમાં શંકા

**પ્રશ્નકર્તા :** દાદા, મને પણ શંકા પડે છે.

**દાદાશ્રી :** તમે જ્ઞાતા-દ્રષ્ટામાં જ રહો છો, પણ શંકા પડે છે તમને. એ શંકા હોય ત્યાં સંતાપ હોય. શું હોય ?

**પ્રશ્નકર્તા :** સંતાપ.

**દાદાશ્રી :** તમને શંકા પડે, કે 'પછી શું થઈ જશે, આમ થશે કે નહીં, બગાડશે કે શું કરશે ?' શંકા જ ખાલી ! ખાલી શંકા જ કર્યા કરો છો, એટલે બગડે છે બધું.

**પ્રશ્નકર્તા :** બધું શંકાથી બગડે છે !

**દાદાશ્રી :** શંકાથી જ બધું બગડ્યું છે ને, આ 'આમ થઈ જશે, તેમ થઈ જશે, ફલાણું થઈ જશે.'

**પ્રશ્નકર્તા :** બાકી બધું વ્યવસ્થિતે બરાબર સેટ કરેલું જ છે.

**દાદાશ્રી :** તે એક્ઝેક્ટ છે બધું.

**પ્રશ્નકર્તા :** પછી અમે જે શંકા કરીએ એને બદલે વધારે વિશ્વાસ કરીએ તો પછી વધારે સારું થાય ?

**દાદાશ્રી :** નહીં, વિશ્વાસેય નહીં કરવાનો ને શંકાય નહીં કરવાની. વિશ્વાસ કરવાથી શંકા થાય છે.

**પ્રશ્નકર્તા :** આ શંકાવાળી વાતનું ના સમજાયું; જ્યાં વિશ્વાસ રાખીએ છીએ, ત્યાં જ શંકા હોય છે.

**દાદાશ્રી :** એવું છે ને, તમે કયા જ્ઞાનના આધારે આ દૃષ્ટિ માપી શકો છો ? અરે ! ઉઘાડી આંખે જોયું હોય તોય ખોટું પડે છે ! આ તો બુદ્ધિજન્ય જ્ઞાનથી, વિચારણા કરીને જુઓ છો ! એ તમને માર ખવડાવી ખવડાવીને તેલ કાઢી નાખશે ! તેથી અમે કહીએ છીએ કે બુદ્ધિથી છેટા બેસો. બુદ્ધિ તો ઘડીક વારેય જંપીને બેસવા ના દે. એને લીધે શંકા થાય છે. માટે વિશ્વાસય કરવાનો નહીં ને શંકાય નહીં કરવાની. આ તમારું તો બહુ સારું છે. તમારી ભાવના સારી એટલે પાછા માર્ગે વળી ગયા.

**પ્રશ્નકર્તા :** હા, એ બરાબર છે. હવે એ ખ્યાલ આવ્યો કે અમે વધારે પડતો વિશ્વાસ કરીએ છીએ એટલે એના રિએક્શનમાં શંકા થાય છે.

**દાદાશ્રી :** હા, શંકા થાય છે.

**પ્રશ્નકર્તા :** અને શંકાના રિએક્શનમાં આ હાલી જવાય છે.

**દાદાશ્રી :** બસ.

**પ્રશ્નકર્તા :** એટલે મૂળ વાત છે. જેમ બધાનું મૂળ રાગ છે એમ આ એક...

**દાદાશ્રી :** શંકા હેરાન કરે, શંકા સાથે જાય, તેને માર પડ્યા વગર રહે નહીં. શંકા કરે તો એને પોતાને ખોટ જાય.

## 'શંકા'માં ઊતરતા મરણતોલ દુઃખ

**પ્રશ્નકર્તા :** શંકામાં કેવી ખોટ જાય છે એ જરા ફોડ પાડો ને !

**દાદાશ્રી :** શંકા એ દુઃખ જ છે ને ! પ્રત્યક્ષ દુઃખ ! એ કંઈ ઓછી ખોટ કહેવાય ? શંકામાં વધારે ઊતરે તો મરણતોલ દુઃખ થાય.

**પ્રશ્નકર્તા :** એ શલ્યની જેમ રહે ?

**દાદાશ્રી :** શલ્ય તો સારું. પણ શંકામાં તો એથી વધારે ભારે દુઃખ હોય. શલ્ય તો કો'ક બીજી વસ્તુ આમાં પેસી ગઈ હોય તો ખૂંચ્યા કરે એટલું જ અને શંકા તો મારી નાખે માણસને, સંતાપ ઊભો કરે એટલે શંકા ના કરવી.

હવે આ જે શંકા છે ને, તે આ દુનિયામાં કોઈ ચીજ જો કદી કોઈ પણ રીતે આરાધવા જેવી ન હોય તો શંકા ! તમામ દુઃખોનું મૂળ કારણ આ શંકા છે.

## 'શંકા' એ ચેપી રોગ

**પ્રશ્નકર્તા :** આ શંકા તો અંદર કીડા જેવું કામ કરે, કોતર્યા કરે !

**દાદાશ્રી :** હા, જાગ્રતકાળ બધોય એને કરડી ખાય. ટી.બી.નો રોગ ! પેલો ટી.બી. તો સારો કે અમુક કાળ સુધી જ અસર કરે, પછી ના કરે. એટલે આ શંકા એ તો ટી.બી.નો રોગ છે. એ શંકા જેને ઉત્પન્ન થઈ ગઈ એને ટી.બી.ની શરૂઆત થઈ ગઈ. એટલે શંકા કોઈ રીતે હેલ્પ કરે નહીં. શંકા નુકસાન જ કરે. એટલે શંકા તો મૂળમાંથી, એ ઊગે ત્યારથી જ બંધ કરી દેવી, બારી પાડી દેવી, નહીં તો તો ઝાડ રૂપે થાય એ

તો ! શંકા ને વહેમ ને એવા તેવા બધી જાતના રોગો ઊભા થાય. શંકાનો રોગ, પાછો વહેમનો રોગ ઊભો થાય.

આ શંકા એ તો ચેપી રોગ ફેલાયેલો છે. એ શંકા કરનાર બહુ દુઃખી થાય ! મુશ્કેલી ! આ તો શંકાશીલ થયા એટલે પછી બધા ઉપર શંકા પડે. બાકી, જગતમાં મોટામાં મોટો રોગ હોય તો શંકા !

## શંકા એ પોતાનો 'આપઘાત'

**પ્રશ્નકર્તા :** બધું જાણે છે છતાં પણ શંકા તો ઘડીએ ઘડીએ થઈ જાય છે.

**દાદાશ્રી :** શંકા એ તો પોતાનો આપઘાત છે. શંકા તો ક્યારેય પણ કરશો નહીં.

**પ્રશ્નકર્તા :** પણ એ શંકા કેમ થઈ જાય છે ? શંકા કરવાનો સવાલ જ નથી. પણ શંકા ક્ષણે ક્ષણે થઈ જાય છે.

**દાદાશ્રી :** એ થઈ જાય માટે આપણે કહેવાનું કે ભઈ, શંકા ન હોય મારી, આ મારી ન હોય. થઈ ગઈ કે તરત કહેવું.

શંકા આપણને હોય નહીં. શંકાથી જ આ જગત સડી રહ્યું છે, પડી રહ્યું છે. પોતે મરવાનો છે પણ એ શંકા કેમ નથી થતી ? નથી મરવાનો ?

**પ્રશ્નકર્તા :** એ તો ખબર જ હોય છે કે મરવાનો જ છે.

**દાદાશ્રી :** પણ ત્યાં શંકા કેમ નથી પડતી ? મરી જવાની શંકા પડે ને, તો કાઢી નાખે એ. શંકા પડે કે તરત કાઢી નાખે, ખૂબ ભય લાગે. એટલે એ કાઢી નાખવાની હોય, ઊખેડીને ફેંકી દેવાની. ઊગી કે તરત ઊખેડીને ફેંકી દેવાની.

## શંકારૂપી નિર્બળતા બાંધે દોષ

**પ્રશ્નકર્તા :** એ શંકાથી પહેલાં પોતાનો જ આત્મઘાત થાય છે ને ?

**દાદાશ્રી :** હા, શંકાથી તો પોતાને જ, કરનારને જ નુકસાન ! સામાને શું લેવાદેવા છે ? સામાને શું નુકસાન ? સામાને તો કંઈ પડેલી નથી. સામો તો કહેશે કે મારું તો જે થવાનું હશે તે થશે, તમે શું કરવા શંકા કરો છો ?

આપણે ગાડીમાં પચાસ હજાર રૂપિયા કોઈને મૂકવા આપ્યા અને કહીએ કે 'જરા હું સંડાસ જાઉં છું.' અને પછી સંડાસમાં શંકા પડી તો ? અરે, પાંચ લાખ રૂપિયા આપ્યા હોય અને શંકા પડે ને, તો શંકાને કહીએ, કે 'હવે તું ચાલી જા. મેં આપ્યા એ આપ્યા. એ જવાના હોય તો જાય અને રહેવાના હોય તો રહે !' શંકા તો વગર કામની સામા પર દોષ બંધાવડાવે. અને મારા જેવાને જો કદી રૂપિયા આપ્યા હોય ને પેલો શંકા રાખે તો એની શી દશા થાય ?

હવે તમે શંકા કરો એ તમારી નિર્બળતા છે. નિર્બળતા તો મનુષ્યમાં હોય જ, સહેજેય હોય. નિર્બળતા ના હોય તો વાત જ જુદી છે. બાકી, નિર્બળતા સહેજેય હોય જ મનુષ્ય માત્રને ! એ નિર્બળતા ગઈ કે ભગવાન થઈ ગયો ! એક જ વસ્તુ છે, નિર્બળતા ગઈ એ જ ભગવાન !

## 'શંકા' કરવી હોય તો કાયમ કરો

રાત્રે સૂવા ગયો, અગિયાર વાગ્યા હોય અને ઓઢીને સૂઈ ગયો ને તરત વિચાર આવ્યો કે 'આ પેલા લાખ રૂપિયાનું ખાતું પાડવાનું રહી ગયું. એ ખાતું નહીં પાડી આપે તો શું થશે ?' તો થઈ રહ્યું ! થઈ રહ્યું કામ ભઈનું (!) પછી મડદું જીવતું હોય ને, એના જેવું છે.

હવે કો'કને લાખ રૂપિયા ધીર્યા હોય ને એ વ્યાજ મહિને હજાર રૂપિયા આપ્યા કરતો હોય. તેને હવે બે-ત્રણ લાખ રૂપિયાની ખોટ ગઈ. પણ એણે વ્યાજ તો મોકલ્યું, એટલે આપણે જાણ્યું કે વ્યાજ તો મોકલ્યું છે. પણ જ્યારથી આપણને શંકા

પેસે કે 'આ ખોટ ગઈ છે તો વખતે મૂડી જો નહીં આપે ત્યારે શું કરીશ ? હવે લાખ રૂપિયા પાછા આવશે કે નહીં' એ વિચાર પકડ્યો, પછી એનો ક્યારે અંત આવે ? શંકા હોય ત્યાં સુધી અંત આવે જ નહીં, એટલે એ માણસનું મરણ થવાનું.

પછી રાત્રે ગમે ત્યારે તમને શંકા આવે એ બાબતની કે લાખ રૂપિયા નહીં આવે તો શું થશે ? આખો દહાડો તમને શંકા ના આવી ને રાત્રે જ્યારે શંકા આવી ત્યારે દુઃખ થાય છે અને આખો દિવસ શંકા ના આવી એટલે શું તે ઘડીએ દુઃખ નહોતું ? રૂપિયા આપ્યા હોય, પછી 'પાછા આપશે કે નહીં' એની શંકા ઉત્પન્ન થાય, તો તમને દુઃખ થાય ને ? તો શંકા આ ઘડીએ કેમ થઈ ને પહેલાં કેમ ના થઈ ?

**પ્રશ્નકર્તા :** એનું શું કારણ ?

**દાદાશ્રી :** આ મૂર્ખાઈ આપણી ! જો શંકા કરવી હોય તો કાયમ શંકા કરો, એટલી બધી જાગૃતિપૂર્વક શંકા કરો, એને રૂપિયા આપીએ ત્યારથી જ શંકા કરો.

એટલે જ્યાં લાખ રૂપિયા આપ્યા હોય ત્યાં વખતે એવું લાગે કે 'પાર્ટી' બરાબર નથી, તોય પણ શંકા ઉત્પન્ન ના થવા દેવી. 'શું થશે હવે ?' એનું નામ શંકા પડી પાછી. શું થવાનું છે તે ? આ દેહેય જતો રહેવાનો છે અને રૂપિયા પણ જતા રહેવાના છે. બધુંય જતું રહેવાનું છે ને ? પોક જ મૂકવાની છે ને છેવટે ? છેવટે આને પૂળો જ મૂકવાનો ને ? તો વળી પહેલેથી મરીને શું કામ છે ? જીવ ને, નિરાંતે !

આવું બને એટલે હું તે દહાડે શું કરું ? 'અંબાલાલભાઈ, જમે કરી દો, રૂપિયા આવી ગયા !' કહી દઉં. આ ખોટ ખાવી તેના કરતાં આપણે રકમ જમે કરી લેવી સારી ખાનગીમાં, પેલો જાણે નહીં એવી રીતે !

નહીં તો લોકોને તો જ્યોતિષી કહે ને, તોય માને. જ્યોતિષ કહે, 'જુઓ, શું સરસ ગ્રહ છે બધા ! તમને કશું થવાનું નથી. રૂપિયા પાછા આવી જશે.' એટલે પાછું એવું માને. એની પોતાનીયે 'સ્ટેબિલિટી' (સ્થિરતા) નથી.

## શંકા કરવી તો ઠેઠ સુધીની

અમે 'જ્ઞાન' થતાં પહેલાં પહેલેથી એક વાત સમજેલા. અમને એક જગ્યાએ શંકા આવી હતી કે 'આ માણસ આવું કરશે, દગો-ફટકો કરશે.' એટલે પછી અમે નક્કી કર્યું કે શંકા કરવી તો આખી જિંદગી સુધી કરવી, નહીં તો શંકા કરવી જ નહીં. શંકા કરવી તો ઠેઠ સુધી કરવી. કારણ કે એને ભગવાને 'જાગૃતિ' કહી. જો શંકા કરીને બંધ થઈ જવાની હોય તો કરીશ નહીં. આપણે કાશીએ જવા નીકળ્યા ને મથુરાથી પાછા આવીએ, એના કરતાં નીકળ્યા ના હોત તો સારું. એટલે અમને એ માણસ જોડે શંકા આવી કે આ માણસ આવો છે. તે પછી, અમને શંકા પડ્યા પછી અમે શંકા રાખતા જ નથી. નહીં તો ત્યાર પછી એની જોડે વ્યવહાર જ નહીં. પછી તો ના છેતરાઈએ. જો શંકા રાખવી હોય તો આખી જિંદગી વ્યવહાર જ ના કરીએ.

## શંકાથી સ્પંદનોના ભડકા

ઘરમાં મોટા ભાગની વઢવાડો અત્યારે શંકાથી ઊભી થઈ જાય છે. બઈ કહેશે, 'મારે ધણી ઉપર શંકા છે.' મેં કહ્યું 'શી શંકા છે ?' ત્યારે કહે, 'બીજા બેન રાખેલા છે.' ત્યારે મેં કહ્યું, 'તેમાં તમને શું વાંધો ? ધણીને રાખવી છે ને !' ત્યારે કહે, 'ના, એ તો મને રાત-દહાડો બહુ દુઃખ રહે છે.' 'તમારે લેવાદેવા શું છે ?' કહ્યું. ધણી બીજી બઈ રાખે ને એને લઈને ફરતો હોય તોય, તમારે લેવાદેવા જ શી તે ? શંકા રખાય જ નહીં.' એટલા બધા શબ્દો બોલ્યો, તે એણે પોતે જ કહ્યું કે 'આ તો ખોટું થઈ

ગયું !' તે શંકા નીકળી ગઈ. શંકા રખાય નહીં. એ તો ધણી બીજી બે લઈને આવતો હોય. એમાં કંઈ ચાલે જ નહીં આપણું. શંકા રાખવાથી તો તું મરી જઈશ. એમાં એમને શું છે ? અને ધણી બિચારો લાવે છે કે એ લઈ જાય છે, તે તો એ જ જાણતો હોય. પણ નીકળી ગઈ શંકામાંથી એને જુઓ તો ! જે શંકા લાખ અવતારેય ના નીકળે.

આ કેવું છે કે શંકાથી સ્પંદનો ઊડે ને એ સ્પંદનોના ભડકા જાગે. અને જો નિઃશંક થાય ને તો ભડકા એની મેળે શમી જાય. ધણી-ધણિયાણી બેઉ શંકાવાળા થાય તો પછી ભડકા શી રીતે શમે ? એકને નિઃશંક થયે જ છૂટકો. મા-બાપોની વઢવાડોથી બાળકોના સંસ્કાર બગડે. માટે બાળકના સંસ્કાર ના બગડે એટલા માટે બન્ને જણાએ સમજીને નિકાલ લાવવો જોઈએ.

## મારા પોતાના માન્યા તેથી શંકા

**પ્રશ્નકર્તા :** શંકાશીલ ક્યારે થવાય ? એવી કઈ વસ્તુ છે કે જેને લીધે શંકા ઉદ્ભવે છે ?

**દાદાશ્રી :** પોતાની માની છે એટલે, અને પોતાની ના માને તો પછી શંકા છે જ નહીં. પોતાની કેમ માની, માટે શંકા ઉત્પન્ન થાય !

**પ્રશ્નકર્તા :** એ શંકા તો બીજા માટે જ થાય ને ! પોતાના ઉપર ના થાય ને !

**દાદાશ્રી :** બીજા માટે થાય જ નહીં, પણ શંકા કરવાનું કારણ જ નથી. આ તો 'મારું' માન્યું તેથી શંકા થાય છે. 'મારું' છે નહીં ને માનીએ એટલે શંકા થાય.

**પ્રશ્નકર્તા :** બધા ઉપર કંઈ શંકા આવતી નથી. એક કે બે જણ ઉપર જ આવે તો કે એની જોડે કંઈ ઋણાનુબંધ હશે, એટલે આવે છે ?

**દાદાશ્રી :** ના, બધું મારાપણું છે એટલે શંકા આવે. મારાપણું ના હોય તો શંકા ના આવે. હીરા તમારા છે, એટલે આ માણસ જોઈ ગયો, એ માણસ પર તમને શંકા આવે. તમારા હીરા ના હોય, તો તમને શંકા ના આવે.

**પ્રશ્નકર્તા :** હીરા મારા હોય ને હું સૂઈ ગઈ ને ધારો કે મારી સાથે બીજી પાંચ વ્યક્તિઓ સૂતી છે, તો મને શંકા તો એ પાંચ પર જ આવે ને ?

**દાદાશ્રી :** બધેય આવે. એ હીરા તમારા છે એટલે આવે છે. હીરા પહેરવાનો વાંધો નથી, પણ તમને માલિકીપણું છે, તેથી જ એ શંકા આવે. હીરા પહેરો, વહેંચી દો, આપી દો, ખાવ-પીવો, મજા કરો પણ માલિકીપણું છે તો શંકા આવે.

## આસક્તિ ને વિષયની લાલચે ઊભી શંકા

**પ્રશ્નકર્તા :** જ્યાં આગળ આસક્તિ હોય, ત્યાં આગળ જ શંકા થાય ને આપણને ?

**દાદાશ્રી :** હા, ત્યાં જ, બીજી કોઈ જગ્યાએ નહીં. કોઈ પૈસા લઈ ગયો હોય તો શંકા થાય. કોઈ બાગમાંથી ફૂલાં લઈ ગયો હોય તો શંકા થાય. બધી બહુ જાતની શંકાઓ થાય. આ શંકાઓને લીધે ટસલ ઉપર ચઢ્યા જ કરે છે ને નિરંતર દુઃખમાં જ રહ્યા કરે છે, કોલ્ડવૉરમાં. હવે કોલ્ડવૉર કરવાની શી જરૂર છે તમારે ?

એક ભાઈ કહે છે કે મારી જોડે વાઈફને રોજ કકળાટ થાય છે. હવે વાઈફનો દોષ કે એનો દોષ, શું કહો છો ?

**પ્રશ્નકર્તા :** દોષ તો બન્નેનો જ હોય ને ! હવે આ વિષયમાં સુખ લીધું, એના પરિણામે પેલા ઝઘડા ને ક્લેશ બધું થાય ને !

**દાદાશ્રી :** બધું આ વિષયમાંથી જ ઊભું થયું છે અને સુખ કશુંય નહીં પાછું. સવારના પહોરમાં દિવેલ પીધા જેવું મોઢું હોય. જાણે દિવેલ પીધેલું ના હોય !

**પ્રશ્નકર્તા :** એ તો કંપારી છૂટે કે આટલા

બધા દુ:ખો આ લોકો સહન કરે છે આટલા સુખને માટે !

**દાદાશ્રી :** એ જ લાલચ છે ને, આ વિષય ભોગવવાની !

**પ્રશ્નકર્તા :** વિષયની લાલચમાં પોતે સફળ ન થાય ત્યારે શંકા ને એ બધું પછી કરે છે ને !

**દાદાશ્રી :** સફળ ના થાય એટલે બધુંય કરે. શંકાઓ કરે, કુશંકાઓ કરે બધી. બધી જાતના વેશ કરે એ પછી. એક લાલચ હઉ થાય પછી. પણ એ જ એને પાછું ફજેત કરે તે જુદું. એના કબજામાં ગયા એટલે ફજેત કર્યા વગર રહે નહીં ને !

'વાઈફ' જોડે મન-વચન-કાયાથી કોઈ (વિષય) સંબંધ જ નથી અને ધણીપણું કરે, એ ના થવું જોઈએ. ધણીપણું તો ક્યારે કહેવાય ? મન-વચન-કાયાથી પાશવતાનો સંબંધ હોય ત્યાં સુધી ધણીપણું કહેવાય.

**પ્રશ્નકર્તા :** પણ વિષય હોય તો જ ધણીપણું કરતો હોય ને ?

**દાદાશ્રી :** ધણીપણું એટલે શું કે દબડાવીને ભોગવવું. પણ પછી આવતા ભવનો હિસાબ આવી જાય ને !

**પ્રશ્નકર્તા :** એ શું થાય ?

**દાદાશ્રી :** વેર બંધાય ! કોઈ આત્મા દબાયેલો રહેતો હશે ઘડીવાર ?

બહુ અથડામણ થાય ને, પછી કહે, 'મોઢું તોબરા જેવું લઈને શું ફરો છો ?' તે તોબરો પછી વધારે ચઢે. પછી એ રીસ રાખે. પેલી કહે, 'મારા ઘાટમાં આવે ત્યારે હું એનું તેલ કાઢીશ.' તે રીસ રાખ્યા વગર રહે નહીં ને ! આ જીવમાત્ર રીસ રાખે, તમે છંછેડો એટલી વાર ! કોઈ કોઈનો દબાયેલો નથી. કોઈ કોઈને લેવાદેવા નથી. આ તો બધું ભ્રાંતિથી મારું દેખાય છે, મારું-તારું !

આ તો નાછૂટકે સમાજની આબરૂને લીધે આમ ધણીના દબાયેલા રહે. પણ પછી આવતે ભવ તેલ કાઢી નાખે. અરે, સાપણ થઈને કૈડે હઉ !

## મમતાથી ઊભી થતી શંકા

એક ધણીને એની વાઈફ પર શંકા પડેલી. એ બંધ થાય ? ના. એ લાઈફ ટાઈમ શંકા કહેવાય. કામ થઈ ગયું ને, પુણ્યશાળી (!) પુણ્યશાળી માણસને થાય ને (!) એવી વાઈફનેય ધણી પર શંકા પડી, તેય આખી લાઈફ ટાઈમ ના જાય.

**પ્રશ્નકર્તા :** ન કરવી હોય ને છતાં થાય, એ શું ?

**દાદાશ્રી :** પોતાપણું, માલિકીપણું. મારો ધણી છે. ધણી ભલે હોય, ધણીનો વાંધો નથી. મારો કહેવામાં વાંધો નથી, મમતા રાખવી નહીં. મારો કહેવાનો, મારો ધણી એમ બોલવાનું, પણ મમતા નહીં રાખવી.

**પ્રશ્નકર્તા :** ધણી પરથી મમતા કેવી રીતે ઉઠાવી લેવાય ? 'મારો નહોય, નહોય મારો' એવું કે' કે' કરવાનું ?

**દાદાશ્રી :** ના, એ કહેવાય નહીં. મારો તો છે જ, ધણી તો મારો જ છે. મારો મહીં કહેવાની ક્યાં જરૂર છે ? મમતા ના હોવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** તો મમતા ઓછી કેવી રીતે કરાય ?

**દાદાશ્રી :** આત્મા ઉપર મમતા બેસે એટલે (સંસારમાં) ઓછી થઈ જાય.

મારી કરવા જેવી ચીજો છે બધી પણ મમતા રાખવા જેવી નથી. મારી જરા ખસી ગઈ તો તમારી, પણ મમતા નહીં. મારી બાઉન્ડ્રીથી મારી ખસી ગઈ તો તમારી.

શંકા તો રાતે આવીને, એટલે જ્યાં સુધી

શરીર થાકે નહીં ત્યાં સુધી તાળું વાસે નહીં. શરીર થાકીને સૂઈ જાય, ત્યારે તાળું વાસી દે.

**પ્રશ્નકર્તા :** શરીરમાં પણ ફેરફાર થઈ જાય. ગભરામણ લાગે, એવું બધું થઈ જાય.

**દાદાશ્રી :** હા, પણ થાકીને સૂઈ જાય, ઊંઘી જાય. સવારમાં ઊઠીએ ત્યારે, રાતે પુરુષાર્થ કર્યો શંકાનો, તેનું શું ફળ મળ્યું તમને ? ત્યારે કહે, શરીર બગડ્યું. અને મહીં મન-બન બધું ઢીલું થઈ જાય. મન વીક (નબળું) થઈ જાય.

**પ્રશ્નકર્તા :** એટલે શંકા ઉત્પન્ન થાય એટલે મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર, બધું ત્યાં જ વપરાય ?

**દાદાશ્રી :** બધું જ. આખા શરીરનું તંત્ર જ બધું આમાં વપરાઈ જાય. એટલે આત્મઘાતી કહું છું ને !

## કાદવથી છેટા સારા

આ સંસારને ઘેર બધા પરોણાની માફક આવેલા છે. જેટલા દહાડા રહ્યા એટલા દહાડા પરોણા, પછી ચાલ્યા જવાના. ચાલ્યા જતા નથી દેખાતા ? મમતાવાળા ને ના-મમતાવાળા, બધાય જતાં રહે છે ને ?

માટે એક મિનિટ બગાડશો નહીં. પાંચ-પચાસ વર્ષ રહેવાનું ત્યાં આપણે એક મિનિટ શું કરવા બગાડીએ ? ડાઘ પડી જાય. લૂગડું અહીં રહે અને ડાઘ આપણને ચોંટે, તે ડાઘ આપણી જોડે આવે. તો આપણે શું કરવા ડાઘ પડવા દઈએ ? હવે ડાઘ કંઈ બધે પડતા નથી. ફક્ત કાદવકીચડ હોય ત્યાં આપણે સાચવીને ચાલવું. ધૂળ ઊડે એની આપણે બહુ ફિકર નથી રાખતા. ધૂળ તો એની મેળે ખરી પડે, પણ કાદવ તો ચોંટી જાય. ધૂળ તો આમ કપડાં ખંખેરીએ ને, તો ઊડી જાય. પણ કાદવ તો ના જાય ને ડાઘ પડી જાય. માટે જ્યાં કાદવ-કીચડ જેવું છે ત્યાં આપણે છેટાં રહેવું.

## ભયંકર દગાખોરી આ

આ લોક તો કેવા છે, કે જ્યાં 'હોટલ' દેખે ત્યાં 'જમે.' માટે શંકા રાખવા જેવું જગત નથી. શંકા જ દુઃખદાયી છે. હવે જ્યાં હોટલ દેખે ત્યાં જમે, એમાં પુરુષેય એવું કરે છે ને સ્ત્રી પણ એવું કરે છે. પાછું સામા પુરુષને એવું નથી કે મારી સ્ત્રી શું કરતી હશે ? એ તો એમ જ જાણે કે મારી સ્ત્રી તો સારી છે. પણ એની સ્ત્રી તો એને પાઠ ભણાવતી હોય ! પુરુષો પણ સ્ત્રીને પાઠ ભણાવે અને સ્ત્રીઓ પણ પુરુષોને પાઠ ભણાવે ! તો પણ સ્ત્રીઓ જીતે છે. કેમ કે આ પુરુષોને કપટ નહીં ને ! તેથી પુરુષો સ્ત્રીઓથી છેતરાઈ જાય !

એટલે જ્યાં સુધી 'સિન્સિયારિટી-મોરાલિટી' છે, ત્યાં સુધી સંસાર ભોગવવા જેવો હતો. અત્યારે તો ભયંકર દગાખોરી છે. આ દરેકને એની 'વાઈફ'ની વાત કહી દઉં તો કોઈ પોતાની 'વાઈફ' પાસે જાય નહીં. હું બધાનું જાણું, પણ કશુંય કહું નહીં. જો કે પુરુષેય દગાખોરીમાં કંઈ ઓછો નથી. પણ સ્ત્રી તો નર્યું કપટનું જ કારખાનું ! કપટનું સંગ્રહસ્થાન બીજે ક્યાંય ના હોય, એક સ્ત્રીમાં જ હોય.

## ચારિત્ર્ય સંબંધી શંકા એ મહા જોખમ

બાકી શંકા રાખવા જેવી ચીજ જ નથી, કોઈ પ્રકારે. એ શંકા જ માણસને મારી નાખે. આ બધા શંકાને લઈને મરી જ રહ્યા છે ને ! એટલે આ દુનિયામાં મોટામાં મોટું ભૂત હોય તો શંકાનું ભૂત છે. મોટામાં મોટું ભૂત ! શંકા તો જગતમાં કંઈક લોકોને ખઈ ગયેલી, ભરખી ગયેલી ! માટે શંકા ઊભી જ ના થવા દેવી. શંકા જન્મતાં જ મારવી. ગમે તેવી શંકા ઊભી થાય તો જન્મતાં જ એને મારવી, એનો વેલો વધવા ના દેવો. નહીં તો જંપીને નહીં બેસવા દે શંકા. એ કોઈને જંપીને ના બેસવા દે. શંકાએ તો લોકોને મારી નાખેલા.

મોટા મોટા રાજાઓને, ચક્રવર્તીઓને પણ શંકાએ મારી નાખેલા.

લોકોએ કહ્યું હોય કે 'આ નાલાયક માણસ છે.' તોય આપણે એને લાયક કહેવો. કારણ કે વખતે નાલાયક ના પણ હોય. એને નાલાયક કહેશો તો બહુ દોષ બેસશે. સતી હોય ને જો વેશ્યા કહેવાઈ ગઈ તો ભયંકર ગુનો, તેનું કેટલાંય અવતાર સુધી ભોગવ્યા કરવું પડશે. માટે કોઈનાય ચારિત્ર સંબંધમાં બોલશો નહીં. કારણ કે એ ખોટું નીકળે તો ? લોકના કહેવાથી આપણેય કહેવા લાગીએ તો એમાં આપણી શી કિંમત રહી ? અમે તો એવું કોઈ દહાડોય કોઈનુંય બોલીએ નહીં, ને કોઈનેય બોલ્યો નથી. હું તો હાથ જ ના ઘાલું ને ! એ જવાબદારી કોણ લે ? કોઈના ચારિત્ર્ય સંબંધી શંકા ના કરાય. એ બહુ મોટું જોખમ છે. શંકા તો અમે ક્યારેય લાવીએ નહીં. એ જોખમ આપણે શું કરવા લઈએ ?

### આવા દગામાં મોહ શા ?

આ સંડાસ હોય છે, તેમાં સહુ કોઈ જાય ને કે એક જ માણસ જાય ?

**પ્રશ્નકર્તા :** બધા જ જાય.

**દાદાશ્રી :** તો બધા જેમાં જાય એ સંડાસ કહેવાય છે. એટલે જ્યાં આગળ બહુ લોક જાય ને, એનું નામ સંડાસ ! જ્યાં સુધી એક પત્નીવ્રત અને એક પતિવ્રત હોય ત્યાં સુધી એ ઊંચામાં ઊંચી વસ્તુ કહેવાય, ત્યાં સુધી ચારિત્ર કહેવાય, નહીં તો પછી સંડાસ કહેવાય. તમારે ત્યાં સંડાસમાં કેટલા માણસ જતા હશે ?

**પ્રશ્નકર્તા :** ઘરના બધા જ જાય.

**દાદાશ્રી :** એક જ જણ ના જાય ને ? એટલે પછી બે જાય કે બધા જ જાય, પણ એ સંડાસ કહેવાય.

આ તો હોટલ આવી ત્યાં જમે. અરે, ખાય-પીવે હઉ ! માટે શંકા કાઢી નાખજો. શંકાથી તો હાથમાં આવેલો મોક્ષ પણ જતો રહે. એટલે આપણે એમ જ સમજી લેવાનું કે એને હું પૈણેલો છું અને એ મારી ભાડૂતી છે ! બસ, આટલું મનમાં સમજી રાખવાનું. પછી તે બીજા ગમે તેની જોડે ફરતી હોય તોય આપણે શંકા ના કરવી. આપણે કામ સાથે કામ છે ને ! આપણને સંડાસની જરૂર હોય તો સંડાસ જઈ આવવું. ગયા વગર ચાલે નહીં, એનું નામ સંડાસ. તેથી તો જ્ઞાનીઓ ચોખ્ખું કહે છે ને, કે સંસાર એ દગો છે.

**પ્રશ્નકર્તા :** દગો નથી લાગતો એ શા કારણે ?

**દાદાશ્રી :** મોહને લઈને ! અને કોઈ કહેનાર પણ મળ્યો નથી ને ! પણ લાલ વાવટો ધરે તો ગાડી ઊભી રહે, નહીં તો ગાડી જઈને નીચે પડે.

### મોહથી મૂર્છિત દશા

પેલી છોડીઓની બાબતમાં શંકા ના આવે. કારણ કે છોડીઓનો મોહ ખરો ને ! જ્યાં મોહ હોય ત્યાં એની ભૂલ ના સમજણ પડે. મોહથી માર ખાય ને, જગત. બધાય મા-બાપ એમ કહે કે 'અમારી દીકરીઓ સરસ છે.' તો તો સત્યુગ જ ચાલે છે એમ કહેવાય ને ? બધા મા-બાપ એવું જ કહે ને ? જેને પૂછીએ તે બધા એવું કહે તો પછી સત્યુગ જ ચાલે છે ને બહાર ! ત્યારે પાછો એ કહે, 'ના, લોકોની છોડીઓ બગડી ગઈ છે.' એવું હઉ કહે.

**પ્રશ્નકર્તા :** અત્યારે તો એની છોડીનું કહેવા જઈએ તો આપણને વળગી પડે.

**દાદાશ્રી :** એ તો કહેવાય જ નહીં. ચોંટી પડે ને ગાળો હઉ ભાંડે. કોઈને કશું કહેવાય જ નહીં. એટલું સારું છે કે દરેક મા-બાપને પોતાની છોડીઓ-

છોકરાઓ પર રાગ હોય છે. એટલે રાગને લઈને એમના દોષ દેખાતા નથી અને બીજાની છોડીઓના દોષ બધાય જોઈ આપે. પોતાની છોડીના દોષ નથી દેખાતા એટલું સારું છે ને, એ તો શાંતિમાં રાખે અને પછી આગળની વાત જોઈ લઈશું.

## લોકોની ટીકા-સંશય કરવા જેવા નથી

એક ભાઈ મને કહે, 'મારી છોડીઓ તો બહુ ડાહી.' મેં કહ્યું, 'હા, સરસ.' પછી એ ભાઈ બીજી છોડીઓની ટીકા કરવા માંડ્યા. ત્યારે મેં તેમને કહ્યું, 'ટીકા શું કરવા કરો છો લોકોની ? તમે લોકોની ટીકા કરશો તો તમારી હઉ લોકો ટીકા કરશે.' ત્યારે એ કહે છે, 'મારામાં ટીકા કરવા જેવું છે શું ?' ત્યારે મેં કહ્યું, 'દેખાડું, ચૂપ રહેજો.' પછી છોડીઓની ચોપડીઓ લાવીને દેખાડ્યું બધું. 'જુઓ આ', કહ્યું. ત્યારે એ કહે, 'હેં !' મેં કહ્યું, 'ચૂપ થઈ જાવ. કોઈની ટીકા કરશો નહીં. હું જાણું છું તોય હું તમારી જોડે કેમ ચૂપ રહ્યો છું ? આટલું બધું તમે રોફ મારો છો તોય હું ચૂપ કેમ રહ્યો છું ?' હું જાણું કે ભલે રોફ મારીને પણ સંતોષ રહે છે ને, એમને ! પણ જ્યારે ટીકા કરવા માંડી ત્યારે કહ્યું કે 'ના કરશો ટીકા.' કારણ કે છોડીઓના બાપ થઈને આપણે કો'કની છોડીઓની ટીકા કરીએ એ ભૂલ છે. છોકરીઓના બાપ ના હોય, જેને છોડીઓ ના હોય, તે આવી ટીકા કરે જ નહીં બિચારો. આ છોકરીઓવાળા બહુ ટીકા કરે. ત્યારે તું છોડીઓનો બાપ થઈને ટીકા કરે છે ? તમને શરમ નથી આવતી ? એવો સંશય રાખે ક્યારે પાર આવે ?

અને આજની છોડીઓય બિચારી એટલી ભોળી હોય છે કે મારા બાપા કોઈ દહાડો ડાયરી નહીં વાંચે એવું માને. એની 'સ્કૂલ'ની લખવાની ડાયરી હોય ને, એની મહીં પત્રો મૂકે. એના બાપેય ભોળા હોય, તે છોડી પર વિશ્વાસ જ આવ્યા કરે. પણ હું તો આ બધું જાણું કે આ છોડીઓ ઉંમરલાયક થઈ છે. હું એના 'ફાધર'ને એટલું જ કહું કે આને પૈણાવી દેજો વહેલી. હા, બીજું શું કહું તે ?

## શંકા ઉત્પન્ન થતા જ ફેંકી દેવી

એક અમારો ખાસ સગો હતો, તેને ચાર છોડીઓ હતી. તે જાગ્રત બહુ. તે મને કહે, 'આ છોડીઓ મોટી થઈ, કોલેજમાં ગઈ, તે મને વિશ્વાસ નથી રહેતો.' ત્યારે મેં કહ્યું, 'જોડે જજો. કોલેજમાં જોડે જઈએ અને એ કોલેજમાંથી નીકળે ત્યારે પાછળ આવજે. એ તો એક દહાડો જઈશ, પણ બીજી વખત શું કરીશ ? વહુને મોકલજે.' અલ્યા, વિશ્વાસ ક્યાં રાખવો ને ક્યાં રાખવો નહીં એટલુંય નથી સમજતો ? અહીંથી આપણે કહી દેવાનું, 'બેન, જો આપણે સારા માણસ, આપણે ખાનદાન, કુળવાન છીએ.' આમ એને આપણે ચેતવી દેવાનું. પછી જે બન્યું એ 'કરેક્ટ.' શંકા નહીં કરવાની. કેટલા શંકા કરતા હશે ? જે જાગ્રત હોય, તે શંકા કર્યા કરે. ડોબાને તો શંકા જ નહીં કરવાની ને !

માટે ગમે તેવી શંકા તો ઉત્પન્ન થતા પહેલાં જ તેને ઉખાડીને ફેંકી દેવી. આ તો આ છોડીઓ બહાર ફરવા જાય, રમવા જાય, એની શંકા કરે અને શંકા ઉત્પન્ન થઈ કે ત્યાં સુખ આપણને બહુ વર્તે ખરું ?

**પ્રશ્નકર્તા :** ના, પણ પછી શંકા કરવાનો અર્થ નથી.

**દાદાશ્રી :** હા, બસ, એટલે ગમે તેવું કારણ હોય તોય પણ શંકા ઉત્પન્ન થવા દેવી નહીં. સાવધાની રાખવી, પણ શંકા ના કરવી. શંકા કરે કે 'મરણ' આવ્યું જાણો.

**પ્રશ્નકર્તા :** પણ શંકા તો એની પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે ને ?

**દાદાશ્રી :** હા, પણ એ ભયંકર અજ્ઞાનતા છે. એનાથી બહુ દુઃખ પડે. છોકરીઓ બહાર ગઈ

હોય તો કોઈ કહેશે કે એને એનો 'ફ્રેન્ડ' મળ્યો છે. એટલે પાછી છોકરીઓ ઉપર શંકા પડી, તે શો સ્વાદ થાય ?

**પ્રશ્નકર્તા :** બસ, પછી અશાંતિ રહ્યા કરે.

**દાદાશ્રી :** અશાંતિ કરે તેથી બહાર ઠેકાણે પડી જવાનું છે ? 'ફ્રેન્ડ' જોડે ફરે છે, તેમાં કંઈ ફેરફાર થઈ જવાનો છે ? ફેરફાર કંઈ થાય નહીં અને એ શંકાથી જ મરી જાય ! એટલે આ શંકા ઉત્પન્ન થાય કે તરત જ 'દાદાએ ના પાડી છે' એટલું યાદ કરીને બંધ કરી દેવી. બાકી, સાવધાની બધી રાખવી.

લોકોને પોતાની છોડીઓ તો હોય ને ? ત્યારે એ 'કોલેજ'માં ના જાય ? જમાનો એવો છે, એટલે કોલેજમાં જાય ને ? આ કંઈ પહેલાંનો જમાનો છે કે છોડીઓને ઘરમાં બેસાડી રાખવાની ? એટલે જેવો જમાનો એ પ્રમાણે વર્તવું પડે ને ! જો બીજી છોડીઓ એના 'ફ્રેન્ડ' સાથે વાત કરે, ત્યારે આ છોડીઓય એવું એના 'ફ્રેન્ડ' સાથે વાત ના કરે ?

હવે છોડીઓની જ્યારે કંઈક એવી વાત સાંભળવામાં કે જોવામાં આવે ને શંકા પડે ત્યારે એની ખરી મઝા (!) આવે. અને મને આવીને પૂછે તો તરત કહી દઉં કે શંકા કાઢી નાખ. આ તો તે જોયું તેથી શંકા પડી અને ના જોયું હોત તો ? જોવાથી જ જો શંકા પડી છે તો નથી જોયું એમ કરીને 'કરેક્ટ' કરી નાખ ને ! આ તો 'અંડરગ્રાઉન્ડ'માં બધું છે જ. પણ એને મનમાં એમ થાય કે 'આમ હશે તો ?' તો એ વળગ્યું એને. પછી ભૂતાં છોડે નહીં એને, આખી રાત છોડે નહીં. રાત્રેય છોડે નહીં, મહિના-મહિના સુધી છોડે નહીં. એટલે શંકા રાખીએ તે ખોટું છે.

એક ભઈ એની છોકરી સંબંધી વાત કરતા'તા. તે મને કહે છે, 'આ બીજી નાતનો છોકરો મારી છોકરી જોડે ફરે છે ને એવું બધું, તે મને રાતે ઊંઘ નથી આવતી.' મેં કહ્યું, 'કેમ નથી આવતી ?' ના ઊંઘું તેથી કંઈ આ છૂટી જશે ?

**પ્રશ્નકર્તા :** ના છૂટે.

**દાદાશ્રી :** મેં કહ્યું, 'આ શંકા કાઢી નાખ.' કારણ કે ચાર છોડીઓનો બાપ હોય અને તે પાછો બ્રિલિયન્ટ હોય, જાગ્રત હોય. એટલે ફર્સ્ટ યરમાં આવી છોકરી, ત્યાંથી દેખરેખ રાખ્યા કરે એની દૃષ્ટિ. 'કોની જોડે ફરતી હશે, શું કરતી હશે, ક્યાં ગઈ હશે ?' ચારનું જોવા જાય તો શું રહે એની પાસે ? એ તો સારું છે, આ પબ્લિક મોહી છે ને, તે ભાન જ ભૂલી જાય. બેબીઓ ગઈ હોય કોલેજમાં અને એ ભૂલી ગયો હોય અને એ ધંધામાં હોય. તેથી ગાડું સારું ચાલે છે ને ! નહિ તો મરી જાય મૂઆ !

શંકાથી આખું જગત સપડાયું છે, હું તો એટલું કહી દઉં. જે વ્યવસ્થિત છે એને કોઈ ફેરવી શકવાનું નથી. માટે શંકા જ્યાંથી ઉત્પન્ન થાય, ગમે તેવી કોઈ પણ પ્રકારની શંકા ઉત્પન્ન થાય, ત્યાંથી તે બીજમાંથી કાઢીને ફેંકી દેવી. શંકાથી કશું વળશે નહીં અને એ શંકા તમને મારી નાખશે તે જુદી !

## શંકાના બીજથી ઊભો સંસાર

શંકા એ ભયંકર દુઃખદાયી છે અને શંકા ત્યાં સંસાર ઊભો થાય. તેનાથી નવી જાતનો સંસાર ઊભો થાય એવું છે. આ બાવળિયાનું બીજ હોય ને, તો તો બાવળિયો એકલો જ ઊગે અને એક વડનું બીજ હોય ને, તેમાં વડ એકલો જ ઊગે. પણ શંકા નામનું બીજ એવું છે કે આ બીજથી તો સત્તરશેં (સત્તરસો) જાતની વનસ્પતિ ઊભી થઈ જાય. એક જ બીજમાંથી સત્તરશેં જાતની વનસ્પતિ ઊગે, એ બીજને રખાય જ કેમ કરીને ? આ શંકા નામનું બીજ, એ અમે એકલાએ કાઢી નાખેલું છે. પણ તમને તો સહેજાસહેજેય કંઈક કોઈક ફેરો શંકા આવી જાય, નહીં ?

## શંકા ? નહીં, સંભાળ લો !

હવે એક ચાર છોડીઓનો બાપ સલાહ લેવા આવ્યો હતો. એ કહે છે, 'મારી આ ચાર છોડીઓ કોલેજમાં ભણવા જાય છે, તે એ બધી શંકા તો આવે જ ને ! તો મારે શું કરવું આ ચાર છોડીઓનું ? છોડી બગડી જાય તો શું કરું ?' 'પણ એકલી શંકા કરવાથી સુધરશે નહીં.' અલ્યા, શંકા ના લાવીશ. ઘેર આવે ત્યારે ઘેર બેઠાં બેઠાં એની જોડે કંઈ સારી વાતચીત કરીએ, આપણે 'ફ્રેન્ડશિપ' કરીએ. એને આનંદ થાય એવી વાતો કરીએ જોઈએ. અને તું ફક્ત ધંધામાં પૈસા માટે પડ્યો છે એવું ના કરીશ. પહેલાં છોકરીઓનું સાચવ. એની જોડે 'ફ્રેન્ડશિપ' કરીએ. એની સાથે જરા નાસ્તો કરીએ, જરા ચા પીએ, તે પ્રેમ જેવું છે. આ પ્રેમ તો ઉપરચોટિયો રાખો છો, એટલે પછી એ પ્રેમ બહાર ખોળે છે.

પછી મેં કહ્યું કે તેમ છતાંય છોડીને કોઈ જોડે પ્રેમ થઈ ગયો, તો એ પછી રાતે સાડા અગિયાર વાગે આવે, તો તમે કાઢી મૂકો ? ત્યારે એ કહે, 'હા, હું તો ગેટ આઉટ કરી દઉં. એને ઘરમાં પેસવા જ ના દઉં.' મેં કહ્યું, 'ના કરશો એવું. એ કોને ત્યાં જશે રાત્રે ? એ કોને ત્યાં આશરો લેશે ?' એને કહીએ, 'આવ, બેસ, સૂઈ જા.' પેલો કાયદો છે ને, કે નુકસાન તો ગયું, પણ હવે એથી વધુ નુકસાન ન જાય એટલા માટે સાચવવું જોઈએ. એ બેન કંઈક નુકસાન કરીને આવી અને વળી પાછાં આપણે કાઢી મૂકીએ એટલે તો થઈ રહ્યું ને ! લાખો રૂપિયાની ખોટ તો જવા માંડી છે, પણ તેમાં ખોટ ઓછી જાય એવું કરીએ કે વધી જાય એવું કરીએ ? ખોટ જવા જ માંડી છે, તો એનો ઉપાય તો હોવો જ જોઈએ ને ? એટલે બહુ ખોટ કરીશ નહીં. તું તારી મેળે એને ઘેર સૂવાડી દેજે. અને પછી બીજે દહાડે સમજણ પાડી દઈએ કે 'ટાઈમસર આવજે, તું મોડી આવે તો મને બહુ દુઃખ થાય છે અને પછી મારું હાર્ટફેઈલ થઈ જશે.' એટલે એમ તેમ કરીને સમજાવી દેવાનું. પછી એ મારી વાત સમજી ગયો. રાતે કાઢી મેલે તો કોણ રાખે પછી ? લોકો કંઈનું કંઈ કરી નાખે. પછી ખલાસ થઈ ગયું બધું. રાતે એક વાગે કાઢી મૂકે તો છોડી કેવી લાચારી અનુભવે બિચારી ? અને આ કળિયુગનો મામલો, જરા વિચાર તો કરવો જોઈએ ને ?

એટલે કોઈ ફેરો છોડી રાતે મોડી આવે તો પણ શંકા ના કરીએ. શંકા કાઢી નાખીએ, તો કેટલો ફાયદો કરે ? વગર કામની ભડક રાખ્યાનો શો અર્થ છે ? એક અવતારમાં કશો ફેરફાર થવાનો નથી. પેલી છોકરીઓને વગર કામનું દુઃખ દેશો નહીં, છોકરાઓને દુઃખ દેશો નહીં. ફક્ત મોઢે એમ કહેવું ખરું, કે 'બેન, તું બહાર જાય છે, તે મોડું ના થવું જોઈએ. આપણે ખાનદાન ગામના, આપણને આ શોભે નહીં. માટે આટલું મોડું ના કરીશ.' આમતેમ બધી વાતચીત કરવી, સમજાવીએ, કરીએ. પણ શંકા કર્યે પાલવે નહીં કે 'કોની જોડે ફરતી હશે, શું કરતી હશે.' અને પછી રાતે બાર વાગે આવે તોય પાછું બીજે દહાડે કહેવાનું, કે 'બેન, આવું ના થવું જોઈએ.' તેને જો કાઢી મૂકીએ તો એ કોને ત્યાં જશે, એનું ઠેકાણું નહીં. તમને સમજ પડી ને ? ફાયદો શેમાં ? ઓછામાં ઓછું નુકસાન થાય એમાં ફાયદો ને ? એટલે મેં બધાને કહ્યું છે કે મોડી આવે તોય છોડીઓને ઘરમાં પેસવા દેજો, એમને કાઢી ના મૂકશો. નહીં તો બહારથી કાઢી મેલે, આ કડક મિજાજના લોકો એવા ખરાં કે ? કાળ કેવો વિચિત્ર છે ! કેટલો બળતરાવાળો કાળ છે ! ને પાછો આ કળિયુગ છે, એટલે ઘરમાં બેસાડીને પછી સમજાવવું.

## વીતરાગ ભાવે ભજવવો ડ્રામા

એકની એક છોડી હોય ને તેને કોઈ ઉઠાવી જતો હોય, ને બાપ વીતરાગ હોય તો તે શું કરે ?

મહાવીરને છોડી હતી કે નહીં ? એવું વીતરાગની એકની એક છોડી હોય ને કોઈ ઉઠાવી જતો હોય તો શું કરે ?

**પ્રશ્નકર્તા :** એને અટકાવવા પ્રયત્ન કરે, ને છતાંય લઈ જાય તો કંઈ નહિ.

**દાદાશ્રી :** એ પ્રયત્નો પણ ડ્રામેટિક કરે. ડ્રામેટિક, નાટકમાં આમ કરે ને, કે 'શું સમજે છે તું તારા મનમાં ? તારા પર દાવો માંડીશ. તારી કોર્ટમાં ફરિયાદ કરીશ. આમ કરીશ, તેમ કરીશ.' નાટકીય બધું બોલે.

પોતાની એકની એક છોકરી હોય, ત્યાં જ્ઞાની પુરુષ શું કરે ? નાટકી કરે. છોકરી હોતી જ નથી પોતાની ! જ્યાં દેહ જ પોતાનો નથી ત્યાં છોકરી પોતાની શી રીતે હોઈ શકે ? અને જે બને છે, જે બની રહ્યું છે, એ કોઈની સત્તાની વાત નથી. પણ છતાંય તે ઘડીએ તમારાથી એમ ના કહેવાય, કે 'સારું ભઈ, ત્યારે તું લઈ જા બા.' એવું ના બોલાય. એ વ્યવહાર પાંગળો દેખાય.

**પ્રશ્નકર્તા :** બધું કરવું છતાં નિર્લેપ રહેવું.

**દાદાશ્રી :** હા, છતાં નિર્લેપ રહેવું. ખરું સમજી ગયા. દેહ જ આપણો નથી. આ તો ગાળો ખાઈને કર્મ બાંધવા નીકળ્યા છે લોકો !

### શુદ્ધાત્મામાં રહી સેફસાઈડ ગોઠવવી

આપણી છોડીને ઉઠાવી ગયા હોય તોય શંકા નહીં રાખવાની. કારણ કે છોડી 'જોડે લઈ જવાની' ચીજ નથી. અને ઉઠાવી જાય એ ગેરકાયદેસર હોતું નથી. એની પાછળ લૉ (કાયદો) છે ! લૉ હશે કે નહીં હોય ?

**પ્રશ્નકર્તા :** ખરું.

**દાદાશ્રી :** હા... આ જ્ઞાન તો તમને કેટલું બધું સેફ (સલામત) રાખે છે, કશી હરકત ના આવે. પેલા શંકાવાળા, અજ્ઞાની જ બગાડે છે આ બધું. એવો સંશય રાખે ક્યારે પાર આવે ? ન્યાય એ થર્મોમીટર છે. ન્યાય શું કહે છે ? જો એ પ્રમાણે બને તો કરેક્ટ કહેવું.

આ બેન કહેતી હતી કે અમથો કો'ક આવ્યો હોય તોય, 'યે કૌન આયા ?' એ શંકાવાળા ફાધર, બિચારા દુ:ખી-દુ:ખી થઈ જાય. આ લોકો મારી કને પૂછતા હોય ને, તો હું એમને સમજણ પાડી દઉં કે મૂઆ, દુ:ખી ના થવું જોઈએ. એની પર કાળજી રાખો. બધા જ પ્રિકોશન્સ (સાવચેતીના પગલાં) લો, પણ એની ઉપર શંકા નહીં. પણ આપણા લોકો બિચારાને સમજણ નહીં ને !

**પ્રશ્નકર્તા :** ધારો કે એના પેરેન્ટસ, એના મા-બાપ એના માટે પ્રિકોશન લેતા હોય, જાપ્તો રાખતા હોય, તો એને પોતાને ખબર તો પડે ને કે...

**દાદાશ્રી :** જાપ્તો નહીં રાખવાનો, પ્રિકોશન્સ લેવાના.

**પ્રશ્નકર્તા :** પ્રિકોશન રાખે, તો પણ એને ખબર તો પડે ને કે આ શંકા માટે મારી પર પ્રિકોશન રાખે છે.

**દાદાશ્રી :** એ તો ભલે ખબર પડે.

**પ્રશ્નકર્તા :** તો પછી એને લાગે ને કે આ મારા ઉપર શંકા કરે છે, એવું થાય નહીં ?

**દાદાશ્રી :** નહીં, એનું નામ શંકા ના કહેવાય. શંકા ના કરાય. પ્રિકોશન્સ એટલે એને બધા છોકરાંના ટોળામાં એકલી જવા ના દેવી, એવા તેવા બધા પગલાં લેવા જોઈએ. આપણે તો અમુક ઉંમરની છોકરી બહાર જ નહોતા કાઢતા. ખબર છે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** કારણ કે પેટ્રોલ અને અગ્નિ બે

સાથે મૂકી શકાય નહીં. જોખમ ભરેલું તે જગતના લોકોય સમજે કે બે છૂટાં રાખજો. પછી હવે આ જ્ઞાનવાળાને તો કશું અડે જ નહીં. પાંચ છોડીઓ ફ્રેંડસ્ જોડે ફરતી હોય ને, તોય ના અડે એવું આપણું જ્ઞાન છે.

**પ્રશ્નકર્તા :** કોને ના અડે ? મા-બાપને ના અડે કે પેલી ફરનારીને ના અડે ?

**દાદાશ્રી :** કોઈનેય અડે નહીં એ તો, આ 'જ્ઞાન' હોય પછી તો.

**પ્રશ્નકર્તા :** એ છોકરીઓને 'જ્ઞાન' હોય તો ને !

**દાદાશ્રી :** ના, છોકરીઓને નહીં, આપણને જ્ઞાન હોય ને, તો શા માટે આ બોધરેશન કરવાનું ? આ તો આપણી છોકરી જેવું લાગે છે આપણને એય આપણી છોકરી હોતી નથી. આ તો તરબૂચાનું બીજ રોપ્યું એટલે તરબૂચા થયા જ કરે. એ તો બધા કેટલાય તરબૂચા બેસે. માલિકીપણાનું દુઃખ છે આ, માલિકીપણાનું.

**પ્રશ્નકર્તા :** એટલે બાળકો માટે એવું ના થાય કે એ લોકો દુઃખી થઈ જશે, સાવ ખોટા રસ્તે ચઢશે તો ?

**દાદાશ્રી :** એ થાય. પણ તે એનો અર્થ એવો નહીં કે આપણે એને માટે શંકાઓ કરવી. દુઃખી ના થાય એવો રસ્તો લો. કોલેજ બદલી નાખીએ, જગ્યા બદલી નાખીએ, સંજોગો બદલી નાખીએ. તેમ છતાંય ફેરફાર ના થાય તો ઉપાય નથી, નિરૂપાય છે. શુદ્ધાત્મામાં રહેવું, જેનો ઉપાય જ નથી ત્યાં !

**પ્રશ્નકર્તા :** આપણે એની કોલેજ બદલી નાખીએ, એનું સર્કલ બદલી નાખીએ, પણ આપણને એની શંકા પડે ત્યારે પછી આવું બધું કરીએ ને આપણે ?

**દાદાશ્રી :** શંકા નહીં.

**પ્રશ્નકર્તા :** તો ?

**દાદાશ્રી :** સેફસાઈડ માટે !

**પ્રશ્નકર્તા :** એમાં શું ફેર છે ?

**દાદાશ્રી :** શંકા નહીં, સેફસાઈડ, અટકાવવું. કંઈ પણ ઉપયોગ કરો. મારી છોડી હોત તોય શંકા ના કરત. હીરાબાની જોડેય શંકા ના કરું. કોઈની ઉપર હું શું કરવા શંકા કરું ? આમચા ક્યા લેના-દેના ? અમારે શું લેવાદેવા ? તુમચાય નહીં ને આમચાય નહીં, જગત માજા માજા કર્યા કરે છે. અમારે શું લેવાદેવા ? (તમારુંય નહીં ને અમારુંય નહીં. જગત મારું-મારું કર્યા કરે છે !)

## વ્યવહારની શંકામાં પાર વગરનું નુકસાન

ક્યાંય શંકા રાખવા જેવું નથી. શંકાથી માણસ ખલાસ થઈ જાય. કોઈ પણ સ્થિતિમાં શંકા ના રાખવી. પછી જે થવાનું હોય તે થાય. શંકા તો નહીં જ રાખવી. કારણ કે શંકા રાખવાથી જે સ્થિતિ બનવાની છે તે કંઈ ઘટતી નથી, વધે છે ઊલટી. બહાર તો જેને પૂછવા જાય ત્યારે બીજા લોકો ઊલટાં કહે, 'ભાઈ, સાચી વાત હોય તોય શંકા થાય ને ! શંકા ના થાય તો આપણે માણસ શાના ? જાનવરમાં કંઈ શંકા થાય છે ? આપણે મનુષ્ય છીએ એટલે આ છોડીઓ ઉપર શંકા તો થાય જ ને !' એવું શિખવાડે. હું શંકા શાથી ઉડાડી દઉં છું ? કારણ કે શંકા તો કશીય હેલ્પ કરશે નહીં. એક તસુવાર, એક વાળ જેટલીય હેલ્પ કરશે નહીં ને નુકસાન પાર વગરનું કરશે. એટલે હું શંકા ઉડાડી દઉં છું. શંકા જો હેલ્પ કરતી હોય તો મારાથી એવું ના બોલાય. દસ ટકાય શંકા હેલ્પ કરતી હોય ને નેવું ટકા નુકસાન કરતી હોય તોય મારાથી ના બોલાય. આ તો એક વાળ પૂરતી હેલ્પ નથી કરતી ને નુકસાન પાર વગરનું !

શંકા તો જડમૂળથી કાઢી નાખવાની. વ્યવહારમાંય શંકા કાઢી નાખવાની છે. શંકા હેલ્પ નથી કરતી, નુકસાન જ કરે છે. અને આ રિસાવું એય ફાયદો નથી કરતું, નુકસાન જ કરે છે. કેટલાક શબ્દો એકાંતે નુકસાન કરે છે. એકાંતે એટલે શું ? લાભાલાભ હોય તો તો ઠીક છે વાત પણ આ તો એકાંતે અલાભ જ બધો. એવા ગુણો (!) કાઢી નાખે તો સારું.

બાકી, શંકા એ તો બહુ મોટામાં મોટી વસમી વસ્તુ છે. એ ભૂત જેવી છે, ડાકણ જેવી છે. શંકા કરતાં ડાકણ વળગી હોય તે સારી, તે કો'ક ઉતારી આપે. પણ શંકા વળગેલી જાય નહીં.

## 'શંકાશીલ' એ મરેલું જીવન જીવે

આ શંકા એ જ વિનાશનું કારણ છે. શંકાએ જ મારી નાખ્યા લોકોને. અને શંકા પડી તો શંકાનો 'એન્ડ' ના હોય. શંકાનો 'એન્ડ' આવે નહીં, એટલે માણસ ખલાસ થઈ જાય.

બનતાં સુધી સ્ત્રીઓ શંકા આવી હોય તોય ભૂલી જાય. પણ જો કદી યાદ રહી ગઈ તો શંકા જ એને મારી નાખે ને પુરુષો તો શંકા ના આવી હોય તોય ઊભી કરે. સ્ત્રી શંકા રાખે એટલે પછી એ ડાકણ કહેવાય. એટલે ભૂત ને ડાકણ બેઉ વળગ્યું. એ પછી મારી જ નાખે માણસને. હું તો પૂછી લઉં કે કોની કોની પર શંકા થાય છે ? ઘરમાં હઉ શંકા થાય છે બધે ? આડોશી-પાડોશીઓ, ભાઈઓ, બઈના પર, બધા પર શંકા થાય છે ? તો ક્યાં થાય છે ? તમે મને કહો તો હું તમને સમું કરી આપું.

શંકા કરવી એ ભયંકર ગુનો છે. એટલે કોઈ પણ વસ્તુમાં શંકા પડે, તે શંકા નહીં રાખવી. આપણે જાગ્રત રહેવું, પણ સામા ઉપર શંકા નહીં રાખવી. શંકા આપણને મારી નાખે. સામાને જે થવાનું હોય તે થાય, પણ આપણને તો એ શંકા મારી જ નાખે. કારણ કે એ શંકા તો માણસ મરી જાય ત્યાં સુધી એને છોડે નહીં. શંકા પડે એટલે માણસનું વજન વધે કે ? માણસ મડદાંની જેમ જીવતા હોય તેના જેવું થાય.

આ દુનિયામાં શંકાશીલ અને મરેલો, બે સરખાં જ છે. જે માણસને બધે શંકા આવ્યા કરતી હોય તે શંકાશીલ. શંકાશીલ ને મરેલો, બેમાં ફેર નથી. એ મરેલું જીવન જીવે.

આ જગતમાં ક્યારેય કોઈની ઉપર શંકા ના કરાય. સાચું હોય તોય શંકા ના કરાય. કોઈ જગ્યાએ બિલકુલ શંકા કરવા જેવું જગત જ નથી.

## 'શંકા'થી ઊભું આ જગત

**પ્રશ્નકર્તા :** આપનું આ વાક્ય બહુ જબરજસ્ત મોટું છે. 'શંકા કરવા જેવું જગત જ નથી ને !'

**દાદાશ્રી :** શંકાથી જ આ જગત ઊભું થયું છે. શંકાથી, વેરથી, અમુક અમુક એવા શબ્દો છે, જેના પર જગત ઊભું રહ્યું છે. કોઈની ઉપર શંકા કરવી તેના કરતાં એને બે ધોલ મારી દેવી સારી, પણ શંકા ના કરવી. ધોલ મારીએ તો પરિણામ આવે ઝટ. પેલો સામે ચાર આપે ને ! પણ શંકાનું પરિણામ તો પોતાને એકલાંને જ ! પોતે ખાડો ખોદે ને મહીં ઊંડાં ઊતરવાનું, ફરી બહાર નીકળાય નહીં.

આ બધી પીડાઓ શંકાથી ઊભી થઈ છે. તમને આ ભાઈ ઉપર શંકા આવે કે 'એ ભાઈએ આમ કર્યું.' એ શંકા જ તમને કરડી ખાય. હવે વખતે એવું કર્યું હોય ને શંકા આવતી હોય, તોય આપણે શંકાને કહીએ, 'હે શંકા, તું જતી રહે હવે. આ તો મારો ભાઈ છે.'

## જ્ઞાની અને જ્ઞાન બનાવે સંપૂર્ણ નિઃશંક

શંકા કોઈ વ્યક્તિ ઉપર, કોઈ વસ્તુ પર રાખવાની નહીં. શંકા એ મહાદુઃખ છે. એના

જેવું કોઈ દુઃખ જ નથી. તમારો મહીંવાળો બધું ચલાવનારો છે, પછી શંકા શા હારુ રાખો છો ? એટલે કોઈ પણ વાતમાં શંકા ના કરે તો ઉત્તમ છે. આ જગતમાં કોઈ જાતની શંકા ના રાખે એના જેવો ઉત્તમ કોઈ માણસ નહીં.

આ શંકા કાઢે કોણ ? આપણું 'જ્ઞાન' તો સંપૂર્ણ નિઃશંક બનાવે તેવું છે ! મહીં એકેય પરમાણુ ના હાલે, એનું નામ જ્ઞાન.

શંકા એ તો આત્માની વેરણ છે. આખો આત્મા ફેંકી દેવડાવે. માટે જ્યાં શંકા ઊભી થાય તેને તો જડમૂળથી ડામવી જોઈએ. આત્મા પ્રાપ્ત થયા પછી, આત્મામાં સ્થિત થયા પછી, એવી કઈ વસ્તુ હોય કે જે હલાવી શકે ? જગતનું એવું કયું તત્વ છે, કે જે 'તમારું પોતાનું' ખૂંચવી શકે ? શંકાનો કીડો તો ભયંકર રોગ કહેવાય. ખબરેય ના પડે, કે ક્યારે ઊભી થઈ ને કેટલું નુકસાન કરી ગઈ ! એક અવતારની અમે ગેરન્ટી આપીએ છીએ, કે 'વ્યવસ્થિત'ના નિયમમાં કંઈ જ ફેરફાર થવાનો નથી. પછી શંકા કરવાનું ક્યાં રહ્યું ? અલ્યા, ઠામઠેકાણા વગરનું જગત કે જ્યાં ઘેરથી નીકળ્યો, તે પાછો આવ્યો ત્યારે સાચો; એવા જગતમાં ક્યાં શંકા કરવી અને ક્યાં શંકા ના કરવી ? અને જે બને છે તે શું પૂર્વે બનેલું નહોતું ? આ શું નવું છે ? આની ફિલ્મ તો પહેલાં ઊતરી જ ગયેલી ને ! પછી એમાં શું ? કોઈનાય માટે શંકા કરાય તેવું નથી. ત્યાં આ લોકો મોક્ષની શંકા કરે છે, વીતરાગની શંકા કરે છે, ધર્મની બાબતમાં શંકા કરે છે, અલ્યા, ક્યાંય ફેંકાઈ જઈશ, જો શંકા કરી તો !

કોઈ જાતની શંકા કરશો નહીં. મારી ઉપર છોડી દેજો. જ્યાં શંકા પડવાનું શરૂ થાય ત્યાં કહે કે આ દાદાને સોંપ્યું. અને સૂઈ જા નિરાંતે મારું નામ દઈને. સારું ગોદડું છે, ઓશીકું છે, તો પછી મૂઆ, પાંસરો મર ને, સૂઈ જા છાનોમાનો ! છતાં પણ શંકા-કુશંકા થાય તો આવીને અમને કહી દેવું, કે 'દાદાજી, મને આવી શંકાઓ થાય છે.' હું તમારું સમાધાન કરી આપીશ.

**- જય સચ્ચિદાનંદ**

---

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### વડોદરા

**૧૨-૧૩ મે** (શુક્ર-શનિ) સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ **- સત્સંગ** તથા **૧૪ મે** (રવિ) સાંજે ૬ થી ૯-૩૦ **- જ્ઞાનવિધિ**

**સ્થળ :** દાદા ભગવાન સત્સંગ ગ્રાઉન્ડ, નિલામ્બર સર્કલથી પ્રિયા સિનેમા રોડ, ભાયલી, વડોદરા.

**સંપર્ક :** ૬૩૫૪૨૫૩૬૯૩

### અડાલજ

**૨૦ મે** (શનિ) સાંજે ૫-૩૦ થી ૭ **- સત્સંગ** તથા **૨૧ મે** (રવિ) સાંજે ૪-૩૦ થી ૮ **- જ્ઞાનવિધિ**

**૧૨ થી ૧૯ સપ્ટેમ્બર : આપ્તવાણી ૧૪ ભાગ-૩** ગ્રંથ પર **પર્યુષણ પારાયણ**

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **જૂનાગઢ :** ૯૯૨૪૩૪૪૪૮૯; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;

**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

# Pujya Deepakbhai's USA - CANADA Satsang Schedule - Year 2023

USA & Canada: +1-877-505-DADA (3232) Email - info@us.dadabhagwan.org

| Date | Day | From | To | Event | Venue |
|---|---|---|---|---|---|
| 16/Jun | Fri | 7:30 PM | 9:00 PM | Satsang | (New Jersey) Delta Hotels by Marriott 7736 Adrienne Dr. Breinigsville, PA 18031 |
| 17/Jun | Sat | 5:00 PM | 7:30 PM | Satsang | |
| 18/Jun | Sun | 11:00 AM | 12:30 PM | Aptaputra Satsang | |
| 18/Jun | Sun | 5:00 PM | 8:00 PM | GnanVidhi | |
| 21/Jun | Wed | 7:00 PM | 8:30 PM | Satsang | (Montreal, Canada) Olympia Reception Halls 3855 Boul. Sainte-Jean A, Dollard-des-Ormeaux |
| 22/Jun | Thu | 10:00 AM | 11:30 AM | Aptaputra Satsang | |
| 22/Jun | Thu | 5:30 PM | 8:30 PM | GnanVidhi | |
| 24/Jun | Sat | 5.00 PM | 7.30 PM | Satsang | (Toronto, Canada) Renaissance by the Creek 3045 Southcreek Rd, Mississauga, ON L4X 2X7 |
| 25/Jun | Sun | 10.30 AM | 12.00 PM | Aptaputra Satsang | |
| 25/Jun | Sun | 5:30 PM | 8:30 PM | GnanVidhi | |
| 28/Jun | Wed | 5:30 PM | 8:00 PM | Satsang | (Tampa, FL) India Cultural Center 5511 Lynn Road Tampa, FL 33624 |
| 29/Jun | Thu | 10:30 AM | 12:00 PM | Aptaputra Satsang | |
| 29/Jun | Thu | 5:00 PM | 8:00 PM | GnanVidhi | |
| 1/Jul | Sat | 5:00 PM | 7:30 PM | Satsang | (Guru Purnima - Dallas, TX) Hilton Anatole 2201 N Stemmons Fwy Dallas, TX 75207 |
| 2/Jul | Sun | 10:00 AM | 12:30 PM | Aptaputra Satsang | |
| 2/Jul | Sun | 4:00 PM | 7:00 PM | GnanVidhi | |
| 3/Jul | Mon | 8:00 AM | 9:30 AM | Pujan, Aarti, Message | |
| 3/Jul | Mon | 10:00 AM | 12:30 PM | Gurupurnima Darshan | |
| 3/Jul | Mon | 4:30 PM | 7:00 PM | Gurupurnima Darshan | |
| 4/Jul | Tue | 10:00 AM | 12:30 PM | Satsang | |
| 4/Jul | Tue | 4:30 PM | 7:00 PM | Satsang | |
| 5/Jul | Wed | 10:00 AM | 12:30 PM | Satsang | |
| 5/Jul | Wed | 4:30 PM | 7:00 PM | Satsang | |
| 12/Jul | Wed | 10:30 AM | 12:30 PM | Aptaputra Satsang | (Houston, TX) Gujarati Samaj Hall, Houston 9550 W Bellfort Ave, Houston TX 77031 |
| 12/Jul | Wed | 5:30 PM | 8:00 PM | Aptaputra Satsang | |
| 13/Jul | Thu | 6:00 PM | 8:00 PM | Satsang | |
| 15/Jul | Sat | 11:00 AM | 12:30 PM | Aptaputra Satsang | (Chicago, IL) Haridham Chicago Temple 540 Martingale Road Schaumburg. IL 60193 |
| 15/Jul | Sat | 4:30 PM | 7:30 PM | GnanVidhi | |
| 16/Jul | Sun | 5:30 PM | 7:00 PM | Satsang | |
| 17/Jul | Mon | 7:00 PM | 9:00 PM | Satsang | |
| 20/Jul | Thu | 7:30 PM | 10:00 PM | Satsang | (San Jose, CA) Shubham 1214 Apollo Way, Suite 404B Sunnyvale,CA 94085 |
| 21/Jul | Fri | 7:30 PM | 10:00 PM | Satsang | |
| 22/Jul | Sat | 10:00 AM | 12:00 PM | Aptaputra Satsang | |
| 22/Jul | Sat | 5:00 PM | 8:00 PM | GnanVidhi | |

મે ૨૦૨૩
વર્ષ-૨૮, અંક-૯
સળંગ અંક-333

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## શંકા સામે ગોઠવો જ્ઞાનજાગૃતિ

હવે આ 'જ્ઞાન' પછી શંકા આવી તે વખતે તમારે જોયા કરવાનું, જે શંકા આવે છે તેને. શંકાને આમ તમારે કોઈ પ્રતિભાવ ફેંકવાનો નથી. તમારે જોયા કરવાનું કે 'ઓહો, ચંદુભાઈને શંકા આવી છે !' અને શંકા આવે એટલે એ સંતાપમાં હોય જ. ભયંકર દુઃખી હોય, પાર વગરના દુઃખ હોય એને. કારણ કે ભગવાને કહ્યું કે શંકા એ જ મોટામાં મોટો ગુનો છે. તે શંકા એને તરત જ દુઃખ આપે છે. એ શંકા સામાને દુઃખ આપતાં આપશે, પણ પોતાનેય ભયંકર દુઃખ આપે છે. અને પ્રતિભાવ કરવાથી તો શંકાનું દુઃખ વધે છે. એટલે શંકા વખતે તો તમારે જાગૃતિ રાખીને છૂટા રહેવાનું. હજી જે બાબતે ગૂંચવાડો થાય છે તે તો પહેલાંની પ્રેક્ટિસ છે ને, તે જતી નથી. છૂટતી નથી એ. બાકી, હવે શંકાની જરૂર જ નથી. તમે પ્રકૃતિથી છૂટા પડો એટલે શંકા એની મેળે વીખરાઈ જાય.

\- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.